Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:7, Issue: 237 Dt.19-07-2022 (Tuesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# દહીં, છાશ, લસ્સીની પ્રોડક્ટમાં ભાવવધારો કરતી અમૂલ કંપની




## પ્રિ–પેક્ડ અને લેબલવાળા ફૂડ પેકેટ પર જીએસટી લાગુ કરાતા અમૂલની તમામ પ્રોડક્ટના ભાવમાં વધારો: દહીંના પાઉચમાં રૂ.૪, છાશના પાઉચ પર રૂ.૧ નો વધારો

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૯

દેશભરમાં પ્રિ-પેક્ડ અને લેબલવાળી ખાદ્ય ચીજ-વસ્તુઓ પર લાગુ કરાયેલા પાંચ ટકા જીએસટીના અમલીકરણની સાથે-સાથે આવા ખાદ્ય પદાર્થો વેચતી અમૂલ કંપનીઓએ એમની પ્રોડક્ટમાં ભાવવધારો જાહેર કરી દીધો છે.

અમૂલ દ્વારા તેની દહીં, છાશ, લસ્સી સહિતની પ્રોડક્ટની કિંમતમાં વધારો લાગુ કરવામાં આવ્યો છે અને નવો ભાવવધારો આજથી જ અમલમાં મૂકી દેવામાં આવ્યો છે. દેશના કરોડો વપરાશકારોના ખિસ્સા પર આ રીતે વધારાનો બોજો આવી પડ્યો છે.

અમૂલ દ્વારા મસ્તી દહીંના ૪૦૦ ગ્રામના પેકડના ભાવમાં રૂ.૨નો વધારો કરી દેવાયો છે. જયારે મસ્તી દહીંના ૧ કિલોના પાઉચ પર રૂ.૪ જેવો વધારો કરી દેવામાં આવ્યો છે. ૪૦૦ ગ્રામ મસ્તી દહીં જે ૩૦ રૂપિયામાં મળતું એ હવે ૩૨ રૂપિયામાં વેચાશે. ૧ કિલો દહીંના પાઉચની કિંમત જે રૂ.૬૫ હતી તેનો નવો ભાવ રૂ.૬૯ થયો છે. રૂ.૨૦ના ૨૦૦ ગ્રામ કપની કિંમતમાં રૂ.૧નો વધારો થયો છે અને રૂ.૪૦માં મળતા ૪૦૦ ગ્રામ કપની કિંમતમાં રૂ.૨ નો વધારો ઝીંકવામાં આવ્યો છે.

છાશના ભાવમાં પણ વધારો થયો છે. ૫૦૦ મિલીગ્રામ છાશ રૂ.૧૫ માં મળતી તે હવે રૂ.૧૬માં વેચાશે. છાશના ૧૭૦ મિલીગ્રામ પાઉચના રૂ.૧૦ હતા હવે રૂ.૧૧માં મળશે. અમૂલ લસ્સીની વાત કરીએ તો ૧૭૦ ગ્રામ પાઉચની કિંમત રૂ.૧૦ હતી તેના હવે રૂ.૧૧ લેવાશે.

નાણામંત્રી નિર્મલા સિતારમણની અધ્યક્ષતામાં મળેલી જીએસટી કાઉન્સિલની બેઠકમાં ગયા મહિને જ વેરા મુક્ત પ્રોડક્ટને પણ વેરામાં આવરી લેવામાં આવી છે. પરિણામે ફ્રોઝન ફૂડને બાદ કરતા તમામ લેબલ અને પેકેટબંધ ખાદ્યચીજોના ભાવ વધી ગયા છે અને અમૂલ કંપનીએ તેમાં તાત્કાલિક પહેલ કરી નાખી છે.(૨.૧૨)

# શાકભાજી મોંઘાદાટ: ગૃહિણીઓના બજેટ વેરવિખેર

## ગવાર, વાલ, ચોળી, પાપડી, વટાણા, ફણસી જેવા શાક રૂ.૧૦૦થી લઇ રૂ.૧૬૦ના કિલો



(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા.૧૯

ગુજરાતમાં ભારે વરસાદને કારણે શાકભાજીની આવક સામાન્ય કરતા ૩૦ ટકા ઓછી થઇ છે. પરિણામે હાલ બજારમાં શાકભાજીનો ભાવ ૧૫-૧૭ ટકા વધ્યો છે. આ વધારો છેલ્લા ૧૫ દિવસમાં નોંધાયો છે.

હાલ મોટાભાગના શાક જેવા કે ગવાર, વાલ, ચોળી, પાપડી, વટાણા, ફણસી જેવા શાક રૂ.૧૦૦થી લઇ રૂ.૧૬૦ કિલોના ભાવે મળી રહી છે. ગવાર, ચોળી, ભીંડા જે અગાઉ ૬૦-૮૦ રૂપિયા કિલો હતા તે હવે રૂ.૧૦૦-૧૨૦ કિલો વેચાઈ રહ્યા છે.

ફણસી અગાઉ રૂ.૮૦ કિલો હતી જે હાલ રૂ.૧૨૦ કિલો, જયારે વટાણા અગાઉ રૂ.૧૨૦ કિલો હતા જે હાલ રૂ.૧૬૦ કિલો વેચાઈ રહ્યા છે. સિમલા મરચા અને ટિંડોળા અગાઉ રૂ.૪૦-૬૦ કિલો હતા, જે હાલ રૂ.૮૦ કિલો વેચાઈ રહ્યા છે.

આદુ, લીલા મરચા અગાઉ રૂ.૫૦-૬૦ કિલો હતા, તે હાલ ૮૦ રૂપિયા કિલો વેચાઈ રહ્યા છે. જોકે, ટામેટાના ભાવમાં ઘટાડો થયો છે. અગાઉ ટામેટા રૂ.૬૦ કિલો હતા. જે હાલ રૂ.૪૦ કિલો મળી રહ્યા છે. વધતા ભાવ સામે ગ્રાહકોના બજેટ ઉપર અસર થઇ રહ્યો છે. શાકભાજી લેવા આવનારા દરેક લોકો વધતા ભાવ સામે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે.(૯)

# 5 કિલો વાસી ગ્રેવી રાઇસ, નુડલ્સનો નાશ કરાયો

## રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા કુલ ૧૯ પેઢીની ચકાસણી, ૮ પેઢીને લાયસન્સ બાબતે નોટીસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ વાન સાથે કોઠારીયા રોડ, હરિધવા ચોક વિસ્તારમાં ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં કુલ ૮ પેઢીની ચકાસણી કરવામાં આવેલ ચકાસણી દરમિયાન કુલ ૮ kg વાસી ખાદ્ય ચીજોનો નાશ કરેલ તથા ૩ પેઢીને લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ. તેમજ વેંચાણ થતાં દૂધ, પ્રિપેર્ડ ફૂડ તથા ઉપયોગમાં લેવાતા ખાધ્ય તેલ વગેરેના કુલ ૦૭ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

રીચ ટેસ્ટ ફાસ્ટફૂડ -૫ kg વાસી ગ્રેવી રાઈસ, નુડલ્સ નાશ. જય ગોપાલ ઘૂઘરા -૪ kg વાસી ચટણી નાશ. અનિલ ભૂંગળા બટેટા. પવનકુમાર પાણીપૂરી, રામકૃષ્ણ દુગ્ધાલય લાઇસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ તથા બારસાના ડેરી ફાર્મ, ગ્રીન બોમ્બે વડાપાઉ, શિવ ઘૂઘરાની ચકાસણી કરવામાં આવેલ.



સોરઠિયાવાડી સર્કલ, પવનપુત્ર ચોક -૮૦ ફૂટ રોડ વિસ્તારમાં ચકાસણી તથા લાઇસન્સ અંગેની અવેરનેશ કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં કુલ ૧૯ પેઢીની ચકાસણી કરવામાં આવેલ તથા ચકાસણી દરમિયાન ૮ પેઢીને લાયસન્સ

(અનુ.પાના નં.૪ ઉપર)

# અમદાવાદ, વડોદરા, ગાંધીનગરમાં સવારથી વરસાદ



## અમદાવાદ, ગાંધીનગર ઉપરાંત છોટા ઉદેપુરમાં પણ સવારથી વરસાદ ચાલુ રહેતા ચારેતરફ પાણી ભરાયા: ગુજરાતમાં ફરીથી જામી રહ્યો છે વરસાદી માહોલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં મંગળવારે વહેલી સવારથી ફરી વરસાદી માહોલની જમાવટ થઇ ગઈ છે. આજે વહેલી સવારથી વડોદરા, અમદાવાદ, ગાંધીનગરમાં જોરદાર વરસાદ શરૂ થઇ ગયો છે અને વડોદરામાં તો દિવસ દરમ્યાન ભારે વરસાદ ચાલુ રહેતા ચારેતરફથી જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. રાજકોટમાં સવારથી ધીમીધારે વરસાદ ચાલુ છે. વાતાવરણ વાદળોથી ઘેરાયેલું છે. વધુ ભારે વરસાદ થવાની શક્યતા છે. છોટા ઉદેપુર, પાલનપુર સહિતના દક્ષિણ અને મધ્ય ગુજરાતના અનેક વિસ્તારોમાં મેઘકૃપા વરસી રહી છે. વાતાવરણ એકદમ વાદળછાયું બની ગયું હોવાથી વિઝિબિલિટિ ઘટી ગઈ છે. અનેક સ્થળે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા છે. રાજ્યના ૪૭ ડેમને હાઈએલર્ટ પર મુકવામાં આવ્યા છે. કેમકે સંખ્યાબંધ ડેમો અને નદી નાળામાં નવા નિરની ધસમસતી આવક થઇ રહી છે.

અમદાવાદમાં સવારથી જોરદાર વરસાદ તૂટી પડ્યો છે અને રસ્તાઓ પર પાણી વહેતા થયા છે. સંખ્યાબંધ વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. રાણીપ, ઇસ્કોન, મેઘાણીનગર જેવા વિસ્તારોમાં રસ્તાઓ પર નદીના પુરની જેમ પાણી ફરી વળતા વાહન ચાલકો મુસીબતમાં મુકાયા છે. જોરદાર મેઘાવી માહોલ જામી રહ્યો છે. વાદળો છવાયા હોવાથી વાહનોની ગતિ ધીમી જોવા મળી રહી છે. ખરા બપોરે સમી સાંજ જેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

આવી જ સ્થિતિ વડોદરા શહેરની થઇ છે. ભારે વરસાદ તૂટી પડ્યો હોવાથી વાઘોડીયા જીઆઈડીસી, લાલબાગ બ્રિજ સહિતના વિસ્તારોમાં જળબંબાકાર સર્જાયો છે અને વાહન વ્યવહાર ખોરવાઈ ગયો છે. અનેક સ્થળે ઘૂંટણસમા પાણી ભરાયા છે. ટ્રાફિક વ્યવહાર ખોરવાઈ ગયો છે. પાવાગઢ પાસેની વિશ્વામિત્ર નદી બેકાંઠે વહેવા લાગી છે. આબુ-અમદાવાદ હાઈ-વે જળબંબાકાર થઇ ગયો છે. પરિણામે ટ્રાફિકજામ થઇ ગયો છે.

છોટા ઉદેપુર અને અરવલ્લી પંથકમાં પણ ધોધમાર વરસાદ તૂટી પડ્યાનાં વાવડ છે. સંખ્યાબંધ કોઝ-વે છલકાયા છે. મેઘરજ પાસે એક તળાવ ફાટતા ડઝનબંધ ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે. અનેક કોઝ-વે છલોછલ થઇ ગયા હોવાથી આસપાસના ગામડાઓ જળબંબાકાર થઇ ગયા છે. છોટા ઉદેપુર અને અરવલ્લીમાં સર્વત્ર જોરદાર વરસાદ પડી રહ્યો છે.

ફરીથી રાજ્યમાં અનરાધાર અને જોરદાર વરસાદ તૂટી પડ્યો હોવાથી ઉકાઈ ડેમ સહિતના જળાશયો, નદી-નાળાઓમાં પાણીની ધસમસતી જોરદાર આવક શરૂ થઇ છે. ઉકાઈ ડેમના ૧૩ દરવાજા ખોલવા પડ્યા છે. ઉકાઈની સપાટી ૩૩૨.૬૦ ફૂટ પર પહોંચી છે અને ૭૩ હજાર ક્યુસેક જેટલી આવક થઇ છે, ૧.૧૮ લાખ ક્યુસેક પાણી છોડવું પડ્યું છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

### ઉડ્ડયન વિભાગની કડક તાકિદ

# વિમાની કંપનીઓએ નિષ્ણાંત ઇજનેરો રાખવા પડશે



## ફલાઇટમાં ટેકનીકલ ખામીના વધતા કિસ્સાને પગલે સરકાર ગંભીર

(એજન્સી સમાચાર)

ન્યુ દિલ્હી, તા.૧૯

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA)એ આ અંગે કડક વલણ દાખવ્યું છે. DGCAના અધિકારીઓએ તાજેતરમાં ઘણી ફ્લાઇટ્સનું સ્પોટ ચેકિંગ કર્યું છે. આ સાથે જ સૂચના આપવામાં આવી છે કે કોઈપણ એરલાઈન્સના એરક્રાફ્ટને બેઝ અથવા એરપોર્ટ પરથી ત્યારે જ ટેકઓફ કરવાની મંજૂરી આપવામાં આવે જ્યારે તે સંસ્થાના લાઇસન્સ પ્રાપ્ત સ્ટાફે તેની સુરક્ષા અંગે મંજૂરી આપી હોય.

ડીજીસીએએ કહ્યું છે કે, તેના આદેશનો અમલ ૨૮ જુલાઈ સુધીમાં શરૂ કરી દેવો જોઈએ. નોંધનીય છે કે, છેલ્લા એક મહિનામાં સ્પાઈસ જેટ, ઈન્ડિગો જેવી એરલાઈન્સની ટેકનિકલ ખામીના કારણે ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું છે. એવું કહેવામાં આવ્યું છે કે DGCA દ્વારા સ્થળ પર જ સ્પોટ ચેકિંગ કરવામાં આવ્યું છે. જેમાં ખામીઓની ખોટી ઓળખ સાથે સંબંધિત મામલા પણ સામે આવ્યા છે. આ સિવાય

(અનુ.પાના નં.૪ ઉપર)

# ૨૮, ૨૯ જુલાઈના રોજ વડાપ્રધાન ગુજરાતમાં

## મુખ્યમંત્રીને રાષ્ટ્રપતિની શપથવિધિમાં આમંત્રણ



(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૧૯

તાજેતરમાં અતિવૃષ્ટિને કારણે ૧૫ જુલાઈનો વડાપ્રધાનનો ગુજરાત કાર્યક્રમ રદ કરવામાં આવ્યો હતો. હવે તા.૨૮, ૨૯ જુલાઈના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા હોવાનો સતાવાર રીતે રાજ્ય સરકારે જાહેર કર્યું છે. વડાપ્રધાનની મુલાકાતના કાર્યક્રમો તથા સુરક્ષા અંગે ગુજરાત કેબિનેટ બેઠકમાં ચર્ચા વિચારણા થઇ હતી અને સુરક્ષા સહિતના મુદ્દાઓની

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગુજરાત સહિત દેશભરમાં ‘હર ઘર તિરંગા’ અભિયાન

## તા.૧૩ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી ૨૦ કરોડ ઘરો પર આપણો ધ્વજ લહેરાશે

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૯

ગુજરાત સહિત દેશભરમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દેશની આઝાદીના મહિના ઓગસ્ટમાં ૩ દિવસ સુધી ૨૦ કરોડથી વધુ ઘરો પર તિરંગો લહેરાવવામાં આવશે. તેવું સતાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે તમામ રાજયોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટકર્તાઓ સાથે ‘હર ઘર તિરંગા’ અભિયાનની તૈયારીઓ અંગે ઊંડી સમીક્ષા કરી હતી અને વિગતો જાણીને માર્ગદર્શન આપ્યું હતું. આ એક અનોખું અભિયાન પુરવાર થશે જેનાથી દેશવાસીઓમાં રાષ્ટ્ર ભક્તિની ભાવના વધુ પ્રબળ બનશે. તેવું અમિત શાહે ટ્વીટર પર દર્શાવ્યું હતું.

દેશમાં તા.૧૩ થી ૧૫ ઓગસ્ટ સુધી મકાનો પર તિરંગો લહેરાવવામાં આવશે. તમામ સરકારી ઈમારતો, દુકાનો અને ખાનગી સંસ્થાઓની ઈમારતો ઉપર પણ ત્રણ દિવસ સુધી તિરંગો લહેરાશે. દેશ સેવાના આ અનોખા અભિયાનનાં ૧૦૦ કરોડ ભારતવાસીઓ જોડાશે અને રાષ્ટ્રવાદની ભાવનાની જ્યોત વધુ પ્રબળ રીતે પ્રજવલિત થશે. અમિત શાહે જણાવ્યું હતું કે, ૨૨ મી

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો
http://www.saurashtrakranti.com/subscribe/

# તહેવારો નજીક આવતા જ ખાદ્યતેલોમાં કૃત્રિમ તેજી: ફરી ભાવવધારો

## સિંગતેલ અને કપાસિયામાં ડબ્બે રૂ.૧૦–૧૦ વધારી દેવાયા: પામતેલના ભાવમાં છેલ્લા ત્રણ મહિનામાં રૂ.૫૦૦ થી ૬૦૦ નો વધારો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

જન્માષ્ટમીનાં તહેવારો નજીક આવી રહ્યા હોવાથી ખાદ્યતેલોની માંગમાં જોરદાર વધારો થઇ જતો હોય છે. આ તકનો સંગ્રહખોરો ગેરલાભ ઉઠાવવા માંગતા હોય તેમ બજારોમાં ખાદ્યતેલોની કૃત્રિમ તેજી સર્જીને રોજેરોજ ભાવવધારો કરવામાં આવી રહ્યો છે. સોમવારે ખુલતી બજારથી જ ભાવ વધી ગયા છે.

સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં ડબ્બા દીઠ રૂ.૧૦- ૧૦ નો વધારો કરવામાં આવ્યો છે. ભાવ વધારાને પગલે સિંગતેલનો ભાવ ડબ્બા દીઠ રૂ.૨૮૧૦ થઇ ગયો છે. જયારે કપાસિયા તેલનો ભાવ ડબ્બા દીઠ રૂ.૨૫૧૦ થઇ ગયો છે. પામતેલની વાત કરીએ તો તેના ભાવમાં પ્રચંડ તેજી જોવા મળી છે. છેલ્લા ત્રણ મહિનામાં જ પામતેલના ભાવમાં રૂ.૫૦૦ થી ૬૦૦ જેવો આકરો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે.

મગફળીની વિક્રમ સર્જક રૂ.૧૫૩૧ ના ભાવે ખરીદી થઇ રહી છે છતાં ખાદ્યતેલના ભાવમાં હજુ વધુ વધારો લાગુ કરવામાં આવે તેવી સંભાવના છે. બજારોમાંથી પ્રાપ્ત વિગત મુજબ આયાતી સાઈડ તેલમાં તેજી-મંદીની ઉથલ-પાથલ વચ્ચે

(અનુ.પાના નં.૪ ઉપર)



સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

WhatsApp કરો
તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

**વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન(VYO) દ્વારા યુવા પેઢીને સકારાત્મકતા તથા આનંદથી ભરપુર જીવનશૈલી તરફ પ્રેરિત કરવાના અવનવા પ્રકલ્પો કાર્યરત**

# રાજકોટ ખાતે દેશનું સૌ પ્રથમ મોરપીંછ ટેમ્પલ બનશો



વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન(VYO) દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ.વ્રજરાજકુમારજી મહોદયશ્રી અને વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશનના રાજકોટ પ્રભારી રાકેશભાઇ દેસાઇએ માહિતી આપી હતી. ઉપરાંત મૌલેશભાઇ ઉકાણી, જગદિશભાઇ કોટડીયા, રાકેશભાઇ દેસાઇ, હેંમતભાઇ પટેલ, મનસુખભાઇ ઝાલાવાડિયા, કિશોરભાઇ ભાલાળા, નાથાભાઇ કાલરીયા, રમેશભાઇ જીવાણી, અરવિંદભાઇ શાહ, પુનિતભાઇ ચોવટીયા, જયોતિબેન ટીલવા અને ભરતભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

**‘શ્રી કૃષ્ણ સંસ્કાર વર્લ્ડ’ પ્રચાર અભિયાન અને ખાતમુહૂર્ત અંગે સૌરાષ્ટ્રભરમાં મિટિંગોનો દૌર શરૂઃ ગોંડલના ચોરાડી મુકામે ભવ્ય શ્રી સંસ્કાર વર્લ્ડ સંકુલ બનાવાશે, નિર્માણ પામનાર સંકુલ વૈષ્ણવ સમાજનું સૌથી મોટું સંકુલ હશે જેમાં ગુરૂકુળ, સ્કુલ, કોલેજ, વિશાળ અતિથી ભવન હશે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

વર્તમાન માનવ સમાજમાં દિવ્ય જીવનની ઠોસ પરીકલ્પના સાથે પુષ્ટ માર્ગીય વૈષ્ણવ સમપ્રદાયના પ્રણેતા જગદગુરૂ શ્રીમદ વ્રલ્લભાચાર્યજી મહાપ્રભુજીની ૧૮મી પેઢીના વંશજ વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી દ્વારા આચાર્ય કુળની પરંપરા અનુસાર આજની આધુનિક યુવા પેઢીને સનાતન વૈદિક ધર્મના અમૂલ્ય સંસ્કારોથી સિંચીત કરીને યુવાનોને વિશ્વ વિખ્યાત ભારતીય સંસ્કૃતિનો પરિચય કરાવવાનું દિવ્ય કાર્ય દેશ વિદેશમાં આપ શ્રી દ્વારા સંપન થઈ રહ્યું છે. આપશ્રી દ્વારા યુવા જાગૃતિના લક્ષ્યથી વૈશ્વિક સંસ્થા વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન (VYO) નું સંસ્થાપન થયું છે. આજની યુવા પેઢી, દેશનું આવનાર ઉજ્જવળ ભવિષ્ય છે. પશ્ચિમી સંસ્કૃતિ પ્રતિ યુવા પેઢીનું છેલ્લા ઘણા વર્ષોથી અસામાન્ય ગતીથી આકર્ષિત થવાના આભાસને ગંભીરતાથી લઈને, આવા સમયે યુવાનોને ભારતીય મૂલ્યો એવં ઉજ્જવળ સંભાવનાઓથી અવગત કરાવવા હેતું નેટવર્ક સંસ્થા વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન (VYO) નું સંસ્થાપન થયું છે.

વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના ભારતમાં ૫૦ થી વધુ કેન્દ્ર અને વિદેશના વિવિધ દેશોમાં ૩૫ થી વધુ કેન્દ્રો કાર્યરત છે. જેમાં ૬ થી ૧૬ વર્ષના ઉગતી પેઢીના બાળકોને શૈક્ષણિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિષયોનું પાયાનું જ્ઞાન આપવાના વર્ગો ચાલે છે અને યુવા પેઢીને સકારાત્મતા તથા આનંદથી ભરપુર જીવનશૈલી તરફ પ્રેરિત કરવાના અવનવા પ્રકલ્પો કાર્યરત છે.

આજે પુષ્ટિ માર્ગના ૫૦૦ વર્ષના ઈતિહાસમાં સર્વ પ્રથમવાર સંસ્કાર, સંસ્કૃતિ એવં સહજ જીવન શૈલીના પ્રેરણાધામ સ્વરૂપે શ્રી કૃષ્ણ સંસ્કાર વર્લ્ડ એક ઐતિહાસિક સંકુલ વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીના સાનિધ્યમાં રાજકોટ પાસે ગોંડલ તાલુકાના ચોરડી મુકામે સાકાર થવા જઈ રહ્યું છે. ‘શ્રી સંસ્કાર વર્લ્ડ’ સંકુલ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયનું સૌથી મોટું સંકુલ હશે. જ્યાં ગુરૂકુળ, સ્કૂલ, કોલેજ, વિશાલ અતિથિ ભવન, ૮૪ કોસ વ્રજદર્શન, વિશાલ શ્રી ગિરિરાજ્જી મંદિર, શ્રી મહાપ્રભુજીના ૮૪ બેઠકજી, વૈષ્ણવ સાધક આશ્રમ, બાળકો માટે રમત-ગમત પ્રાંગણ વગેરેનું નિર્માણ સાકાર થશે. વિવિધ સંકુલોના ખાતમુહૂર્ત અને પ્રચાર અભિયાન અંતર્ગત પૂ.વ્રજરાજકુમારજી મહોદયશ્રીએ સૌરાષ્ટ્રના રાજકોટ, ગોંડલ, જસદણ, જેતપુર, જામકંડોરણા, જૂનાગઢ, કેશોદ, મેંદરડા, ધોરાજી, ઉપલેટા, ભાયાવદર, જામજોધપુર અને જામનગરમાં મિટિંગોનો દૌર શરૂ કર્યો છે.

જેમાં રાજકોટમાં આજે તા.૧૯ ને રાત્રે ૯ થી ૧૧:૩૦ કલાક સુધી સેન્ટ્રલ ઝોન બાલાજી હોલ પાસેની કે.જી.ધોળકીયા સ્કુલ, તા. ૨૦ ને સાંજે ૪ થી ૭ કલાક સુધી સાઉથ ઝોન સરદારનગર સોસાયટી ઓમનગર બસ સ્ટોપ પાસે તથા રાત્રે ૮ થી ૧૧ કલાક સુધી વેસ્ટ ઝોન પૂ.પ્રમુદ સ્વામી ઓડિટોરિયમ ખાતે, તા.૨૩ ને સાંજે ૪ થી ૭ કલાક સુધી સેન્ટ્રલ ઝોન પંચવટી સોસાયટી પાસે ભકિતધામ મંદિર ખાતે અને તા.૨૪ ને રાત્રે ૮ થી ૧૧ કલાક સુધી પેડક રોડ અટલબિહારી ઓડિટોરિયમ ખાતે મિટિંગોનું આયોજન કરવામાં આવ્યું છે.

પૂ. વ્રજરાજકુમારજીના આ અભિયાનમાં (VYO)ની મુખ્ય કમીટીના રાકેશભાઇ દેસાઇ, રિતુલબેન ધોળકિયા, જયોતિબેન ટીલવા, પાર્થ કનેરિયા, અતુલભાઇ મારડિયા, પલ્લવીબેન દેલવાડીયા, રવિભાઇ મકાતી, હસમુખભાઇ રાણપરા, રક્ષાબેન ડોબરિયા, મયંકભાઇ ઉંદેશી, ચેરીતભાઇ કોટડીયા, અંજનબેન કણસાગરા, રાજભાઇ કક્કડ, ગોપીભાઇ પટેલ, વર્ષાબેન કક્કડ, પ્રશાંત ગાંગડીયા, વિજયભાઇ સેજલીયા, ધર્મિષ્ટાબેન સવસાણી, સાગરભાઇ દત્તાની વગેરે સભ્ય સમય કાઢીને દિવસ-રાત સહયોગ આપી રહ્યા છે.

આ દિવ્ય અવસરને પામવા વલ્લભ યુથ ઓર્ગોનાઈઝેશન તથા આયોજક સમિતિ આપ સૌને પરિવાર સહિત પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવે છે. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

**‘શ્રી કૃષ્ણ સંસ્કાર વર્લ્ડ’ રાજકોટ જિલ્લા, શહેર અને વ્રજભૂમિ વૃંદાવનમાં ત્રણ જુદી જુદી જગ્યાએ સાકાર થશે**

## મનપાના વોર્ડ નં.૧૭ અને ૧૮માં ‘વંદે ગુજરાત વિકાસ યાત્રા’ કાર્યક્રમ યોજાયો





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

ભારતની આઝાદીના ૭૫ વર્ષ નિમિતે સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લા ૨૦ વર્ષમાં થયેલ વિકાસ કામોની વિગતો લોકો સુધી પહોંચાડવાના પ્રયાસરૂપે, રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં વંદે ગુજરાત વિકાસ યાત્રા કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૮ ના રોજ સવારે ૯:૩૦ કલાકે વોર્ડ નં.૧૭ અને સાંજે ૪:૩૦ કલાકે વોર્ડ નં.૧૮માં વંદે ગુજરાત વિકાસ યાત્રા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે મેયર ડો. પ્રદિપ ડવ, મ્યુનિ. કમિશનર અમિત અરોરા, વોર્ડ નં.૧૭ અને ૧૮ ના કોર્પોરેટર અને શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા સહિતના વોર્ડ નં.૧૭ અને ૧૮ ના ભાજપના તમામ કાર્યકર્તા ભાઈઓ તથા બહેનો અને મનપાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. (૧૩)

## કાશ્મીરના પંડિતોની મુલાકાત લેતા બ્રહ્મદેવ સમાજના કાર્યકરો

**બ્રહ્મદેવ સમાજના કાર્યકરોનું કાલે કરાશે સન્માન**





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

બ્રહ્મદેવ સમાજના રાષ્ટ્રીય મહાસચિવ મિલનભાઈ શુકલની આગેવાની હેઠળ બ્રહ્મદેવ સમાજના કાર્યકરોના એક ડેલીગેશન કાશ્મીરના પંડિતોની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને મુલાકાત માટે જમ્મુ - કાશ્મીરના પ્રવાસે ગયેલ છે. પંડિતોના પુનવર્સનની કામગીરી માહિતી મેળવવા અને વિસ્થાપીત કોલોની અને છાવણીઓમાં રહેતા પંડિત પરિવારોની સમસ્યાઓ જાણવા અને સરકારમાં આ સમસ્યાઓ દૂર થાય એ માટે ગુજરાત સમસ્ત બ્રહ્મસમાજમાં ઠરાવ કરી સરકારને રજૂઆત કરાશે અને ત્યાંની વાસ્તવિકતા ડેલીગેશન પરત ફર્યા બાદ બ્રહ્મસમાજ અને હિન્દુ સંગઠનો દ્વારા તા. ૨૦ ને બુધવારે ડેલીગેશન પરત ફરી રહ્યું હોય તેને સન્માનિત કરવાના કાર્યક્રમમાં બ્રહ્મસમાજ તથા અન્ય જ્ઞાતિના આગેવાનો તથા હિન્દુ સંગઠનના આગેવાનો તથા કાર્યકરો મોટી સંખ્યામાં હાજરી આપે એવી પ્રેસ મીડિયા સમક્ષ રજૂઆત કરાશે. આવું બ્રહ્મદેવ સમાજના પ્રદેશ ટીમ વિરલભાઈ ભારદ્વાજ, નિરજભાઈ જોષી તથા સમીરભાઈ પંડયાની યાદીમાં જણાવેલ છે.

સન્માન કાર્યક્રમની વિગત માટે બ્રહ્મદેવ સમાજ, રાજકોટ યુવા પ્રમુખ આનંદભાઈ પુરોહીત (મો.નં. ૭૬૯૮૬ ૪૩૪૩૮) પર સંપર્ક કરવા જણાવ્યું છે. (૧૩)




**નદીના પટમાં અથવા કાંઠાના વિસ્તારના લોકોને સાવધ કરાયા**

## ધારી તાલુકાનો ખોડિયાર ડેમ ૯૬ ટકા ભરતા એક દરવાજો ખોલાયો

**અમરેલી અને ભાવનગર જિલ્લાના ૪૬ ગામોને સતર્ક કરાયા**

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી, તા.૧૯

ધારી તાલુકાના ધારી ગામ પાસે શેત્રુંજી નદી પર આવેલા ખોડિયાર સિંચાઈ યોજનામાં પાણીની આવક થતા જળાશય ૯૬.૮૩ ટકા ભરાઈ ગયો છે. ડેમમાં પાણીની આવક શરૂ હોઇ નિર્ધારિત સપાટી જાળવી રાખવા ડેમનો ૧ દરવાજો ૦.૨૫ મીટર ખોલવામાં આવ્યો હોવાથી નીચાણવાળા ગામોના લોકોને કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા વિનંતી છે.

આ સ્થિતિમાં મામલતદાર ડિઝાસ્ટર અમરેલી અમરેલી અને ભાવનગર જિલ્લાના ૪૬ ગામોને સતર્ક રહેવા સૂચના અપાઈ છે.

અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ધારી તાલુકાના ધારી, આંબરડી, ભાડ, પાદરગઢ, બગસરાના હાલારીયા, હુલરીયા, અમરેલી તાલુકાના સરંભડા, નાના માંડવડા, મેડી, તરવડા, બાબાપુર, વાંકીયા, ગાવડકા, પીઠવાજાળ, વિઠ્ઠલપુર, મોટા ગોખરવાળા, નાના ગોખરવાળા, લીલીયા તાલુકાના કણકોટ, આંબા, ક્રાંકચ, બવાડા, બવાડી, ઈંગોરાળા, લોકા, લોકી, શેઢાવદર, સાવરકુંડલા તાલુકાના બોરાળા, જુના સાવર, ખાલપર, મેકડા, ફિફાદ, આંકોલડા ઘોબા, પીપરડી વિસ્તારમાં વસતા હોય તે તમામને સતર્ક અને સાવધ રહેવા અપીલ છે.

આ ઉપરાંત ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાના ઠાંસા, જૂના ગુજરડા,મનાજી, રાણીગામ, સતાપડા, પાલીતાણા તાલુકાના ચોક, ડુંગરપુર, હાથસણી, જાલીલા, જીવાપર, રાણપરડા અને રોહિશાળા સહિતના ગામોમાં તેની અસર થઈ શકે તેમ છે, આ સ્થિતિએ ડેમાં ૬૪૫ કયૂસેક પાણીની આવક હોવાથી ગ્રામજનોને સાવચેત રહેવા અપીલ છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

## આંબરડી ગામની સીમમાંથી મળી આવ્યો ૧૫ ફૂટનો મહાકાય અજગર



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી, તા.૧૯

ચોમાસાની ઋતુ શરૂ થતા જ સીમ વિસ્તારમાં સરીસૃપો વિહરતા જોવા મળતા હોય છે. ત્યારે આંબરડી ગામે અભરામપરા રોડ પર આવેલ ઉપસરપંચ બાવચંદભાઈ વેકરીયાની વાડીમાં એક ૧૫ ફૂટ લાંબો મહાકાય અજગર જોવા મળ્યો હતો. બાવચંદભાઈએ એ અજગર ઉપર નજર રાખી વન વિભાગને જાણ કરતા વન કર્મી હુસેનભાઈ આવી શેડયુલ ૧માં આવતો ૧૫ ફૂટ લંબાઈ અને ૧૭ કિલો વજન ધરાવતા અજગરને સલામત પકડી મિતિયાળા જંગલમાં મુકત કરાયો હતો. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

## ધારીના જીરા ગામે ૧ વર્ષની બાળકી બની દીપડાની શિકાર

**દીપડાને પકડવા વન વિભાગે કવાયત હાથ ધરી**



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી, તા.૧૯

ધારીના જીરા ગામે ચતુરભાઈ વિરડીયાની વાડીએ ભાગયું રાખી રહેતા હતા. ખેત મજુર સચિનભાઈ વસુનીયાની પુત્રી ગંગા (ઉ.વ.૧ વર્ષ) ગતરાત્રીના પોતાની માતાના પડખામાં સુતી હતી. રાત્રીના ૧૨ વાગ્યા સુધી બાળકી સલામત હતી. ત્યારબાદ રાત્રીના ૩ વાગ્યા આસપાસ બાળકી ન જોવા મળતા માતા, પિતાએ હાફળાફાફળા બની શોધખોળ હાથ ધરી હતી. વન વિભાગના સ્ટાફને જાણ કરતા વન વિભાગનો સ્ટાફ તુરંત ઘટના સ્થળે દોડી ગયો હતો. અને ફુટમારક (પગ ચિંહો)ને આધારે વાડીમાં ફરજા નજીક દીપડા હોવાનું ફલિત થયું હતું. તેમજ આજુ-બાજુમાં તપાસ કરતા વાડીથી થોડે દુર બાળકીના કપડા મળી આવ્યા હતા. વધુ તપાસ કરતા બાળકીનું માથું મળી આવતા ભારે અરેરાટી મચી જવા પામી હતી. તેમજ આ બાળકીનાં બચેલા અવશેષોને પી.એમ. માટે ધારી ખસેડવામાં આવ્યો હતો. આ વિસ્તારમાં દીપડાને પકડવા વનવિભાગે પાંજરૂ ગોઠવી દીધું હતું. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

## માણાવદરઃ બાંટવામાંથી ગેરકાયદેસર અનાજનો જથ્થો ઝડપાયો

**કુલ રૂ.૧૭,૭૭,૦૦૦ અનાજનો જથ્થો ગેરકાયદેસર રાખનાર સામે પોલીસ ફરિયાદ**

(ગીરીશ પટેલ દ્વારા)

માણાવદર, તા.૧૯

માણાવદર તાલુકાના બાંટવા ગામેથી ગેરકાયદેસર અનાજનો જથ્થો ઝડપી લઈ કાર્યવાહી અગાઉ થયેલ જે તપાસના અંતે મામલતદાર કે.જે.મારૂએ પોલીસ ફરિયાદ બાંટવા ખાતે નોંધાવી છે. તે વિગતોનુસાર કૃષ્ણપરા, મેઈન રોડ, સરકારી દવાખાના પાસેથી ગેરકાયદેસર અનાજનો જથ્થો ઝડપ્યો, જે અંગે માંડાભાઈ કોડીયાતર, (રહે.બાંટવા) અનાજનો જથ્થો તેમજ ટ્રક નં.જીજે-૪-વી-૪૩૨૭ના માલીક તથા જલાભાઈ મોરી ટ્રક નં.જીજે-૧૪-ઝેડ-૮૫૩૫ના માલીક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવેલ છે.

ફરિયાદમાં જણાવ્યું કે, સરકારી દવાખાના પાસે આવશ્યક ચીજ વસ્તુધારા અંતર્ગત અનાજનો જથ્થો ટ્રક નં.૮૫૩૫માંથી ઘઉં ૧૨૯૮૦ કિ.ગ્રા. તથા ટ્રક નં.૪૩૨૭માંથી ચોખા કિ.ગ્રા.૩,૨૭,૭૦૦ ગેરકાયદેસર રાખી ગુનો કરેલ જયારે બાંટવા નાનડીયા રોડ ઉપર ઝડપાયેલ અનાજનો જથ્થો જયસિંહ પરમાર, દિપક ઉર્ફે દિપો હેમતાણી (રહે.બાંટવા) વિરૂધ્ધ ફરિયાદમાં આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ ચોખા ૨૪૦૦ કિ.ગ્રા. ઘઉં ૧૧૭૫૦ કિ.ગ્રા.રાખી ગુનો કરેલ છે.

અન્ય ફરિયાદમાં બાંટવાના રેલ્વે પાટાવાળા રોડ એસ.ટી. વર્કશોપ પાસેથી સાગરભાઈ તરખડા, તુલશીભાઈ, ખુશાલભાઈ ગૌસ્વામી, અનીલ તુલશી ગૌસ્વામી, માંડાભાઈ કોડિયાનર વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં ૩૦૦૦ કિ.ગ્રા.ઘઉં તથા ચોખા ૫૩૫૦ કિ.ગ્રા. કુલ મળી ૧૭,૭૭,૦૦૦ અનાજનો જથ્થો ગેરકાયેસર રાખવા અંગે ધોરણસરની કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાવેલ છે. બાંટવા પોલીસે તપાસ હાથ ધરી છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

**૨૫ થી ૩૦ એકર જમીનમાં પાણી ભરાવાથી પાક નિષ્ફળ જવાની ભીતી**

## જાફરાબાદના વડલી ગામે ભારે વરસાદથી ખેતરો બેટમાં ફેરવાયા

**સરકાર દ્વારા ખેતી પાકના નુકસાનનું સર્વે કરી વળતર ચૂકવવા ખેડૂતોની માંગ**



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લાના દરિયાઈ પટ્ટી વિસ્તારના જાફરાબાદ પંથકમાં છેલ્લા ઘણા દિવસોથી વરસાદી માહોલ છવાયેલો હતો. ત્યારે જાફરાબાદના વડલી ગામે ધોધમાર વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાઇ ગયા હતા. ખેડૂતોના ખેતરો બેટમાં ફેરવાયા હતા. ખેતરોમાં કમર સુધી પાણી ભરાયા અને તળાવ જેવા દ્રશ્યો ખેતરોમાં જોવા મળ્યા હતા. વડલી ગામના ખેડૂતોને ખેતી પાકમાં વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું છે. ૨૫ થી ૩૦ એકરની જમીનમાં ખુબજ નુકસાન થયું છે, ખેતરોમાં પાણી ભરાઇ જતાં પાક બળી જતો હોય છે અને નુકસાની વેઠવી પડે છે. ખેડૂતોની એક જ માંગ છે કે, સરકાર દ્વારા અમારા ખેતી પાકનું નુકસાનીનું સર્વે કરી વળતર ચૂકવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. હવે જોવાનું રહ્યું સરકાર દ્વારા ખેડૂતોના ખેતરનું સર્વે કરી વળતર ચુકવવામાં આવે છે કે નહીં તે ચર્ચાનો વિષય બન્યો છે.

વડલી ગામના ખેડૂતો દ્વારા જણાવ્યું હતુ કે, પાકનું વાવેતર કરવા માટે બિયારણ તેમજ ખાતરો અને દવાઓ લાવી પાકનું વાવેતર કરતા હોય છે. ત્યારે ખેડૂતોને ચોમાસા દરમિયાન પાણી ભરાઇ જતાં નુકસાની વેઠવી પડે છે.

વહેલામાં વહેલી તકે નુકસાનીની સહાય આપવામાં આવે તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે. તેમ યાદીમાં ગણાવાયું છે. (૧૩)





અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)

વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com

એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

## તંત્રી સ્થાનેથી...

### રૂફટોપ સોલારનો વ્યાપક ઉપયોગ

તાજેતરમાં દેશમાં વીજ કટોકટીનો જે સામનો કરવો પડયો હતો તે અપૂરતી ક્ષમતાને કારણે નહીં પરંતુ કોલસાના પૂરવઠાની અછતને કારણે અનુભવવી પડી હતી. પૂરતા પ્રમાણમાં રૂફટોપ સોલાર ક્ષમતા પણ વીજ પૂરવઠો જાળવી રાખવામાં ટેકારૂપ બની શકી હોત.

ભારતમાં ઘરેલું તથા ખેતી કામકાજમાં રૂફટોપ સોલારના વ્યાપક ઉપયોગનો અવકાશ રહેલો છે. જો કે તેના વિકાસનો આધાર દરેક રાજ્યો તથા તેની પોલિસી પર રહેલો હોવાનું વીજ ક્ષેત્રના નિષ્ણાંતો જણાવી રહ્યા છે. વિશ્વમાં ભારત સૌથી વધુ સૂર્યપ્રકાશ ધરાવતો દેશ હોવા છતાં રૂફટોપ સોલારની આપણી ટકાવારી ઘણી નીચી છે. રૂફટોપ સોલાર સસ્તી ઉપરાંત પર્યાવરણિય દ્રષ્ટિએથી સુરક્ષિત પણ છે. રૂફટોપ સોલારમાં પરિવહન ખોટ એક ટકાથી પણ નીચી છે. દેશમાં રૂફટોપનો વિકાસ નહી થવાનું એક કારણ રાજ્ય વીજ વિતરણ કંપનીઓ (ડીસ્કોમ્સ) તેમની પાસેથી વીજ ખરીદવાનું ટાળી રહી છે. રૂફટોપ સોલારને ડીસ્કોમ્સ પોતાની હરીફ માની રહી છે. ડીસ્કોમ્સે વીજ ઉત્પાદકોને રૂપિયા એક ટ્રિલિયનથી વધુ રકમ ચૂકવવાની બાકી છે. રાજ્યો જ્યાં વપરાશકારો પોતાની જ વીજનો ઉપયોગ કરે છે,ખાસ કરીને વ્યવસાયીક તથા ઔદ્યોગિક વપરાશકારો જે પોતે જ રૂફટોપ સોલારનો ઉપયોગ કરતા થયા છે, ત્યાં ડીસ્કોમ્સની નાણાંકીય હાલત વધુ ન કથળે માટે રાજ્યો સોલાર સહિતની રિન્યુએબલ્સના વિકાસ તથા ઉપયોગને મર્યાદિત રાખી રહ્યા છે.

અનેક રાજ્યોમાં રૂફટોપ સોલારની ક્ષમતા પર મર્યાદા લાગુ કરવામાં આવી છે એટલું જ નહીં સરચાર્જ પણ લાગુ કરવામાં આવ્યા છે. નવા બાંધકામોની સાથે ઘરેલું વપરાશ માટે વીજ માગમાં વધારો થઈ રહ્યો છે. આ માગને પહોંચી વળવા ભારતના નીતિવિષયકોએ રૂફટોપ સોલારની સ્થાપિત ક્ષમતામાં વધારો થાય તે માટે પ્રોત્સાહક પગલાં પૂરા પાડવાનુ શરૂ કર્યું છે.અમેરિકા, ઓસ્ટ્રેલિયા, જર્મની જેવા ઠંડા પ્રદેશો જો સોલાર વીજના વપરાશને મહત્વ આપતા હોય તો ભારત જ્યાં ભરપૂર સૂર્યપ્રકાશ મળી રહે છે, ત્યાં સૌર ઊર્જાનો વપરાશ વધારવાની તક પણ રહેલી છે.

રૂફટોપ સોલાર માટે માગ નથી એવું નથી પરંતુ રાજ્યો દ્વારા સમયાંતરે બદલાતી નીતિ તે તરફ આકર્ષણ વધારવામાં અવરોધરૂપ બને છે. વીજ વપરાશકારો ઘરમાં અથવા ઔદ્યોગિક એકમો ખાતે રૂફટોપ પ્લાન્ટ બેસાડવા ઉત્સુક છે પરંતુ તેમણે નોંધપાત્ર મૂડી રોકવાની રહે છે જે પૂરી પાડવામાં બેન્કો ઉદાસીન રહે છે, જે આપણા વીજ ક્ષેત્રની સ્થિતિનું ઉદાહરણ પૂરૂં પાડે છે. સૌર ઊર્જાની સ્થાપિત ક્ષમતામાં બે સ્તરેથી વધારો કરાઈ રહ્યો છે, એક તો જમીન પર સોલાર વ્યવસ્થા ઊભી કરીને અને બીજી રૂફટોપ સોલાર ઈન્સ્ટોલેશન કરીને. જમીન પર માળખા ઊભા કરી ઉત્પન્ન કરાતી સૌર ઊર્જાને ગ્રીડમાં વહેતી કરી દેવામાં આવે છે જ્યારે રહેઠાણો તથા ઔદ્યોગિક એકમોની છત પર સાધનો બેસાડી ઉત્પન્ન કરાતી સૌર ઊર્જાને મોટેભાગે સ્વવપરાશમાં લેવામાં આવે છે.

# ડ્રાઈવિંગ લાઇસન્સ માટે હવે આરટીઓના ધક્કા ખાવા નહીં પડે

### ઓનલાઈન ઘરે બેઠા કરી શકશો પ્રોસેસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

નવીદિલ્હી,તા.૧૯

રસ્તા પર કોઈ પણ વાહન ચલાવવા માટે ડ્રાઈવિંગ લાઈસન્સ હોવું જરૂરી છે. જો તમારી પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ ન હોય તો તમારે ચલણ ભરવાનો વારો આવી શકે છે. ડ્રાઈવિંગ લાઈસન્સને કઢાવવા માટેની પ્રોસેસમાં લોકો ૨-૩ વાર પરેશાનીનો સામનો કરવો પડે છે. આરટીઓ ખાતે અનેકવાર




લોકોએ ધક્કા ખાવા પડે છે. બસ આજ કારણે ઘણા લોકો ડ્રાઈવિંગ લાઈસન્સ કઢાવ્યા વગર પોતાનું વાહન રસ્તા પર ચલાવતા હોય છે. પરંતુ શું તમે જાણો છો કે હવે તમે ઓનલાઇન પદ્ધતિથી પણ ડ્રાઈવિંગ લાઈસન્સ માટે અરજી કરી શકો છો. એટલુ જ નહીં, તમારે આરટીઓ જઈને વાહન ચલાવવાની પણ જરૂર નહીં પડે અને તમે ડ્રાઈવિંગ લાયસન્સ પણ મેળવી શકો છો. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે ડ્રાઈવિંગ લાયસન્સ સંબંધિત સમગ્ર પ્રક્રિયાને ઓનલાઈન કરી દીધી છે અને નવા નિયમો જુલાઈથી અમલમાં આવ્યા છે. આરટીઓને બદલે હવે ડ્રાઈવિંગ ટ્રેનિંગ સેન્ટર ખૂબ જ મહત્ત્વપૂર્ણ બનવા જઈ રહ્યા છે. સરકારે આ તાલીમ કેન્દ્રોને મજબૂત કરવાનો નિર્ણય કર્યો છે. આવી સ્થિતિમાં હવે ડ્રાઇવિંગ લાયસન્સ મેળવવા ઇચ્છતા લોકોએ આ સેન્ટરોમાં ટ્રેનિંગ લેવી પડશે. જે બાદ તેમને ડ્રાઇવિંગની તાલીમનું પ્રમાણપત્ર મળશે. નિયમો અનુસાર, આ તાલીમ કેન્દ્રોની માન્યતા ૫ વર્ષની હશે, ત્યારબાદ તેઓએ તેમના તાલીમ લાઈસન્સનું નવીનીકરણ કરવું પડશે.

આ તાલીમ કેન્દ્રો રાજ્ય પરિવહન સત્તામંડળ અથવા કેન્દ્ર સરકાર હેઠળ હશે. હવે ડ્રાઇવિંગ લાયસન્સ મેળવવા ઇચ્છતા લોકોએ અરજી કરતા પહેલા વધુ એક કામ કરવું પડશે. તેઓએ આ કેન્દ્રો પર અરજી કરવાની રહેશે અને આ ડ્રાઇવિંગ તાલીમ કેન્દ્રોમાં તેમના નામની નોંધણી કરાવવી પડશે. આ પ્રશિક્ષણ કેન્દ્રો ડ્રાઇવિંગ લાઇસન્સ મેળવવા ઇચ્છતા લોકો માટે એક ટેસ્ટ લેશે, જેમાં પાસ થવું પડશે. પરીક્ષા પાસ થવા પર કેન્દ્ર પ્રમાણપત્ર આપશે. આ પ્રમાણપત્ર મેળવ્યા પછી, લોકો ડ્રાઇવિંગ લાઇસન્સ માટે અરજી કરી શકશે. લોકોને આ તાલીમ પ્રમાણપત્રના આધારે મળશે અને આ માટે જઈને કોઈ ટેસ્ટ આપવાની જરૂર નહીં પડે. આ તાલીમ કેન્દ્રો સિમ્યુલેટરથી સજ્જ હશે અને ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક પણ હશે. આ કેન્દ્રોમાં હળવા મોટર વ્હીકલ, મીડિયમ અને હેવી મોટર વ્હીકલની તાલીમ પણ આપવામાં આવશે. લાઇટ મોટર વ્હીકલ માટેની સમગ્ર તાલીમનો સમયગાળો ૨૯ કલાકનો હશે જે એક મહિનામાં પૂર્ણ થશે. આ તાલીમ કેન્દ્રોમાં થિયરી તેમજ પ્રેક્ટિકલ માહિતી આપવામાં આવશે.

# ઘર બહાર પાર્ક કરેલા વાહનોની ચોરી કરતા સગીર સહિત બે ઝબ્બે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા. ૧૯ :

શાપરના રહેણાંક વિસ્તારમાં ઘર બહાર પાર્ક કરેલા વાહનોની ચોરી કરતો ધવલ સોંદરવા અને સગીરને બે દિવસ પહેલા જ ચોરી કરેલ બે બાઈક રૂા..૪૫ હજારના મુદ્દામાલ સાથે શાપર પોલીસે દબોચ્યો હતો. પ્રાપ્ત વિગત અનુસાર શાપર પોલીસ મથકના પીએસઆઈ કે.એ. ગોહીલ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ બ્રિજરાજસિંહ જાડેજા અને દુષ્યંતસિંહ રાણાને મળેલ ચોક્કસ બાતમીના આધારે શાપરની સર્વોદય સોસાયટીમાંથી બે દિવસ પહેલા કડીયાકામ કરતા મુકેશભાઈ કાનજીભાઈ પરમારે પોતાના ઘર આગળ પાર્ક કરેલ બાઈકની ઉઠાંતરી કરી નાશી છુટેલા ધવલ ભાણજી સોંદરવા (ઉ.વ.૩૦) અને સગીર (રહે. બંને શાપર)ને બે બાઈક ૪૫ હજારના મુદ્દામાલ સાથે દબોચી ગણતરીની કલાકોમાં બાઈક ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

ઉલ્લેખનીય છે કે બન્ને આરોપી વાહન ચોરી કરવા માટે રહેણાંક વિસ્તારમાં દિવસ દરમિયાન રેકી કરી રાત્રિના ઘર બહાર પાર્ક કરેલા વાહનોની ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી ધરાવતા હતા. પોલીસે વધુ ચોરીના ભેદ ખોલવા આરોપીની વિશેષ પુછપરછ હાથ ધરી હતી.

# જમીનનો સોદો રદ્દ થયા બાદ પૈસા પડાવવા ધોકા-પાઈપ સાથે તોડફોડ

### ચાંદીના વેપારીએ રાયોટીંગ સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૧૯

સામા કાંઠે રણછોડનગરમાં સુરેન્દ્રનગરના શખ્સે ટોળકી રચી કાવતરું ઘડી ફ્લેટમાં અને પાર્કિંગમાં તોડફ્લેડ કરી આતંક મચાવતા બી ડીવીઝન પોલીસે રાયોટીંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના રણછોડનગરમાં સદગુરુ જયોત કોમ્પ્લેક્ષમાં રહેતા અને ચાંદીકામનું કારખાનું ધરાવતા રાજેશભાઈ દિનેશભાઈ લીંબાસીયા (ઉ.૩૬) નામના વેપારીએ બી ડીવીઝન પોલીસ મથકમાં સુરેન્દ્રનગર જીલ્લાના જાનીવડલા ગામના રવુભા બહાદુરભાઈ ધાંધલ અને છ અજાણ્યા શખ્સો સામે તોડફોડ, રાયોટીંગ, કાવતરા સહિતની કલમો હેઠળ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ૨૦૧૯માં પોતાની નવાગામ પટેલ વિહાર રેસ્ટોરન્ટ પાછળ આવેલ ૪૭૮૦વાર જગ્યાનો સોદો રવુભાના પાર્ટનર વાસુરભાઈ મઢવી સાથે નક્કી કર્યો હતો પરંતુ કોઈ કારણોસર જમીનનો સોદો ચાર મહિના પછી રદ થઇ ગયો હતો જો કે આ સોદામાં કોઈપણ પ્રકારની પૈસાની લેતી દેતી થઇ ન હતી. પરંતુ આ સોદો રદ થયા બાદ રવુભા ફરિયાદીને ફોન કરીને ધમકી આપતા હતા અને આજે તેની સાથે છ અજાણ્યા શખ્સોને સ્વીફ્ટ અને એન્ડેવર ગાડીમાં લઈને આવ્યા હતા અને તમામ આરોપીઓ ધોકા પાઈપ સાથે કોમ્પ્લેક્ષમાં ઘસી આવ્યા હતા અને ફરિયાદીની ફ્લેટની લોબીમાં તેમજ આજુબાજુના ફ્લેટમાં તોડફોડ કરી નુકશાન કર્યું હતું તેમજ ગ્રાઉન્ડ ફ્લોરમાં પડેલી પ્લાસ્ટીકની ખુરશીઓ તોડી નાખી આતંક મચાવ્યો હતો અને નાશી ગયા હતા બનાવ અંગે કંટ્રોલમાં જાણ કરતા બી ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને રાયોટીંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી પીઆઈ વાળા સહિતના સ્ટાફે ટોળકીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

# રાજકોટ ક્રાઈમ

### આઈડી પર સટ્ટો રમતા ઝડપાયો

રાજકોટ : ભીલવાસ ચોક પાસેથી આજે સાંજે પ્ર.નગર પોલીસે શેરબજારનું કામ કરતાં રત્નેશ મુકેશ વસાણી (ઉં.વ.૩૧, રહે. નિર્મલા કોન્વેન્ટ રોડ, ગગન એપાર્ટમેન્ટ, ફ્લેટ નં.૧૦૧)ને મોબાઈલની આઈડી પર ક્રિકેટનો સટ્ટો રમતા ઝડપી લીધો હતો.

### કંટાળી એસીડ પી લેનાર મહિલાનું મોત

રાજકોટ : બાલાજી હોલ પાસે ધરમનગરમાં રહેતાં જયોત્સનાબેન રાજેશભાઈ રાઠોડ (ઉ.વ.૪૨)એ ગઈ તા.૧૭.૫ નાં ઘરે એસીડ પી લેતા મોત નિપજ્યું હતું. જીંદગીથી કંટાળી આ પગલું ભર્યાનું બહાર આવ્યું છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### કારખાનામાં જુગાર રમતા ૧૧ ઝડપાયા

રાજકોટ : શહેરમાં જુગારના કેસો કરવાની સુચના અન્વયે એલસીબી ઝોન-૨ પીએસઆઇ એ એલ બારસીયા અને ટીમે પરાપીપળીયા વાડીમાં દરોડો પાડી જુગાર રમતા ભરત ચાવડા, આકાશ હુંબલ, કાળુ ડાંગર, વિવેક ડાંગર, પાંચા મૈયડ અને નીલેશ ડાંગરને ઝડપી લઇ ૨૫,૧૪૦ કબ્જે કર્યા છે તેમજ બીજા દરોડામાં કરણસીહજી રોડ પર શ્રીલંકા-પાકિસ્તાન મેચ ઉપર ફોનમાં સટ્ટો રમતા ગૌરવ ગોસ્વામીને ઝડપી લઇ ૧૦ હજારની મતા કબજે કરી છે તાલુકા પોલીસના રાજપુરોહીત સહિતના સ્ટાફે ઉમા કોલ્ડ્રીંક્સ નામના કારખાનામાં જુગાર રમતા અભય કનેરીયા, જયેશ જોટવા, યશ ટંકારીયા, વિજય ડાંગર અને પ્રતિક કક્કડને ઝડપી લઇ રોકડા ૧૫,૧૮૦ કબ્જે કર્યા છે.

### ડોક્ટર અંગ્રેજી દારૂ સાથે ઝડપાયો

રાજકોટ, સોમવાર મુંબઈ - હાપ રૂટની દુરન્તો એક્સપ્રેસમાંથી આજે સવારે ઉતરેલા અને એમ.એસ.નો અભ્યાસ કરનાર ડો. શુભમ રાધેશ્યામજી સમદાની (ઉં.વ.૨૯, રહે. પીજી હોસ્ટેલ, રૂ.નં.૬૨૦, જામટાવર પાસે, મૂળ નાસિક, મહારાષ્ટ્ર)ના થેલાની રેલવે તલાશી લેતાં અંદરથી અંગ્રેજી દારૂની એક બોટલ મળી આવી હતી. જે કબ્જે લઈ પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી ધરપકડની કાર્યવાહી કરાઈ હતી. રેલવે પોલીસે જણાવ્યું કે આરોપી પીવા માટે મુંબઈથી આ દારૂની બોટલ લઈ આવી રહ્યાની માહિતી મળી છે.

### ભીડનો લાભ લઈ થેલાની ચેઈન ખોલી દોઢ લાખનું મંગળસૂત્ર રાખેલ પર્સની ચોરી

રાજકોટ: મોટી વાવડી ગામે રહેતા કુંદનબેન ઘનશ્યામસિહ જાડેજા (ઉ.૮૦) નામના વૃધ્ધાએ એ ડીવીઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે દીકરી વર્ષાબા હરદેવસિંહ ઝાલા હળવદના એંજાર ગામે સાસરે હોય બપોરે એસટી બસ પોર્ટ ખાતે આવ્યા હતા એક મોરબીની બસ આવતા તેમાં ચડ્યા હતા પાણીની બોટલ લેવા થેલો ચેક કરતા તેમાંથી દોઢ લાખના મંગળસૂત્ર ભરેલ પર્સ ગાયબ હોય આ ચોરી અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### ઘંટેશ્વરમાં અને હુડકો વિસ્તારમાંથી બે તરૂણીના અપહરણ

રાજકોટ : રાજકોટ જામનગર હાઈવે ઉપર ઘંટેશ્વરમાં રહેતી ૧૬ વર્ષીય તરૂણી ગત રાત્રે પડોશીના ઘરે બેસવા જાવ છું તેમ કહી ગયા બાદ પરત નહીં આવતા ક્યાય મળેલ નહિ દરમ્યાન આ જ વિસ્તારમાં રહેતા રાહુલ રમેશ વણોદિયા સાથે સંપર્કમાં હોય આ રાહુલ જ દીકરીને ભગાડી ગયો હોય ગાંધીગ્રામ પોલીસમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી જ્યારે હુડકો વિસ્તારમાં રહેતી પરપ્રાંતીય તરૂણી ગત બપોરે ગાયબ થઇ જતા કોઈ ભાળ નહી મળતા ભક્તિનગર પોલીસમાં અજાણ્યા શખસ સામે અપહરણની ફરિયાદ નોંધાવી છે.

# ફરિયાદ પાછી નહી ખેંચે તો, તારૂં ખૂન કરી અકસ્માતમાં ખપાવી નાખીશ કોન્ટ્રાકટરને ધમકીઃ સામસામી ફરિયાદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૧૯:

શહેરમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ કથળીને ખાડે ગઈ હોય તેમ દરરોજ મારામારીના બનાવો નોંધાઈ રહ્યા છે પરંતુ હવે તો ગુનેગારો પોલીસ સ્ટેશન સંકુલમાં પણ મારકૂટ કરતા અટકતા નથી એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પાર્કિંગમાં બે શખસોએ સામસામે મારી નાખવાની ધમકી આપવા અંગે ફરિયાદ નોંધાવી છે.

શહેરના સોરઠીયા પ્લોટમાં રહેતા અને કન્સ્ટ્રકશનનું કામ કરતા હર્ષદભાઈ રણમલભાઈ સરવૈયા (ઉ.૨૯)એ જયેશ હરેશ સારેસા સામે એ ડીવીઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે હું પોલીસ સ્ટેશને માહિતી લેવા ગયેલ ત્યારે આરોપી જયેશે મને બોલાવી મારા મિત્ર વિરુદ્ધ કરેલી ફરિયદ પાછી ખેચી લેજે મેં ના પાડતા આનો અંજામ ખરાબ આવશે કહી ગાળો ભાંડી તારું ખૂન કરી અકસ્માતમાં ખપાવી દઈશ તેવી ધમકી આપી હતી જયારે જયેશભાઈ હરેશભાઈ સરેસા (ઉ.૨૨) નામના ઈવેન્ટ મેનેજમેન્ટના ધંધાર્થીએ વળતી ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે નિવેદન નોંધાવવા ગયોત્યારે આરોપી હર્ષદ અને એક અજાણ્યો શખસ આવેલ અને તું જ જયેશ છો મેં હા પાડતા દિવસના બાર નહી વાગવા દઉં કહી જાનથી મારી નાખવાની ધમકી આપી મારવા હાથ ઉગામતા હું પોલીસ સ્ટેશનમાં ઉપર ચડી ગયો હતો બંનેની ફરિયાદ સંદર્ભે પીએસઆઈ નિમાવત તપાસ ચલાવી રહ્યા છે.

# છરી વડે હુમલો કરવાના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો



એડવોકેટઃ દેવાંગ ત્રિવેદી

,(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૧૯

પિતાના અપમાનનો ખાર રાખી જેઠ પર છરી વડે હુમલો કરવાના ગુનામાં વિછીયા પોલીસે અટક કરેલ પરિણીતાને કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મૂકતો હુકમ કરેલ છે.

આ કેસની હકીકત મુજબ આરોપી ચંપાબેન ભરતભાઈ ગોરાસવા રહે.તા.વિંછીયા,જી.રાજકોટના રહીશે તેમના જેઠ લવિંગભાઈ ગોરાસવાએ કરેલ તેમના પિતાના અપમાનનો ખાર રાખી પેટમાં છરી મારતા ફરિયાદી લવિંગભાઈ ગોરાસવાએ વિછીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા આરોપી પરણીતાની અટક કરી તેમના વિરૂદ્ધ પુરાવો મળી આવતા કોર્ટમાં ચાર્જશીટ ફાઇલ કરેલ કોર્ટે તમામ લેખિત તેમજ મૌખિક પુરાવાના અંતે આરોપીના એડવોકેટેડ કરેલ દલીલોને ધ્યાને લઈ આરોપી ચંપાબેન ભરતભાઈ ગોરાસવાને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી તરફે એડવોકેટ દેવાંગ અંતરાય ત્રિવેદી રોકાયેલ હતા.

### લીંબડીમાંથી જુગાર રમતા ૯ ઝડપાયા

સુરેન્દ્રનગર, તા. ૧૯:

લીંબડીના પાણશીણા અન સુરેન્દ્રનગર શહેરમાં પોલીસે જુગારના દરોડા કર્યા હતા. જેમાં લીંબડીમાં સુરેન્દ્રનગરથી જુગાર રમવા જતા જુગારીયાઓ કુલ રૂ. ૧૧,૬૨,૩૦૦ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયા હતા. બીજી તરફ દેવપરામાં ૬ શખ્સો રૂ. ૧૦,૨૮૦ના મત્તા સાથે અને સુરેન્દ્રનગર શહેરમાં ૩ શખ્સો રૂ. ૩૫૫૦ના મત્તા સાથે પકડાયા છે. લીંબડીમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતો યુવાન જુગાર રમાડતો હોવાનું બહાર આવ્યું છે. લીંબડી પોલીસની ટીમ કબીર આશ્રમ પાછળના ભાગે આવેલા રહેણાક મકાનમાં જુગાર અંગેની બાતમી મળતા પોલીસે દરોડો કર્યો હતો. જેમાં જુગાર રમતા દિનેશ ભગવાનભાઈ કાટોડીયા, અજીત રેવાભાઈ ડાભી, ઘનશ્યામ બેચરભાઈ પટેલ, રહેમાન ગુલામહુસેનભાઈ સામતાણી અને જીગ્નેશ વિનોદભાઈ સોલંકી ઝડપાયા હતા. આ શખ્સો પાસેથી રોકડા રૂ. ૧,૪૭,૩૦૦, રૂ. ૧૫ હજારના ૩ મોબાઈલ ફોન અને રૂ. ૧૦ લાખની ક્રેટા કાર સહીત રૂ. ૧૧,૬૨,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

# કુવાડવાના સાતડામાં વાડીમાં ક્રાઈમ બ્રાંચનો દરોડોઃ ઘોડીપાસા રમતાં ૬ પકડાયા

### ૧.૫૦ લાખની રોકડ અને ૨૩ હજારના મોબાઈલ ફોન કબ્જેઃ ૬ ભાગી ગયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૧૯:

કુવાડવા નજીકના સાતડા ગામે વાડીમાં ઘોડીપાસાનો પાટલો ચાલુ થયાની બાતમી પરથી ક્રાઇમ બ્રાંચે દરોડો પાડી છ શખ્સોને પકડી લઇ દોઢ લાખની રોકડ કબ્જે કરી હતી. દરોડો પડતાં છ શખ્સો ભાગી ગયા હતાં.

ક્રાઇમ બ્રાંચની ટીમે સાતડા ગામે કરસન લક્ષ્મણભાઇ પડેચા (રહે. જમુના પાર્ક મોરબી રોડ રાજકોટ)ની વાડીમાં દરોડો પાડી તેને તથા ઘોડીપાસાનો પાટલો ચાલુ કરનાર સુત્રધાર બસીર ઉર્ફે કાળો હુશેનભાઇ જેસાણી (રહે. જંગલેશ્વર-૨૮ નદી કાંઠે), મુકેશ લક્ષ્મીદાસ કોટક (રહે. સોની બજાર દરબાર ગઢ હવેલી પાછળ), રજાક નુરમહમદ ચુડાસમા (રહે. નવા થોરાળા રામનગર-૧૦), સુલતાન હારૂનભાઇ જાફરાણી (રહે. ભગવતીપરા-૧૧) અને સિકંદર દિલાવરભાઇ બ્લોચ (રહે. બોટાદ)ને પકડી લઇ રૂા. ૧,૫૧,૦૦૦ રોકડા તથા રૂા. ૨૩ હજારના પાંચ મોબાઇલ ફોન



મળી રૂા. ૧.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દરોડો પડતાં બોબી સંધી (કોઠારીયા સોલવન્ટ), ભુરો દેવીપૂજક (કુબલીયાપરા), ઇબ્રાહીમ ઉર્ફે ઇભલો (મોરબી રોડ ચામડીયાપરા ખાટકીવાસ), કરણ કાઠી ઉર્ફે જીણો દડુભાઇ ચાવડા (રૂખડીયાપરા), વિપુલ ભીમાભાઇ ગઢવી (બોટાદ) અને બીજો વાડી માલિક દિલીપ હમીરભાઇ પરેશા ભાગી છુટયા હતાં. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, સંયુક્ત પોલીસ કમિશનર ખુરશીદ અહેમદ, ડીસીપી ક્રાઇમ પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ડી. વી. બસીયાની સુચના મુજબ પીઆઇ વાય. બી. જાડેજા, પીઆઇ જે. વી. ધોળા, પીએસઆઇ કે. ડી. પટેલ સહિતની ટીમે આ દરોડો પાડયો હતો. જૂગારધામના સુત્રધાર તરીકે બશીરનું નામ ખુલ્યું છે. વાડી માલિક કરસન છે અને ભાગી જનાર દિલીપ તેનો ભત્રીજો થાય છે. બસીરે કેટલા દિવસથી ઘોડીપાસાનો પાટલો ચાલુ કર્યો હતો તેની તપાસ થઇ રહી છે.

# થોરાળા પોલીસની જાદુગરી! ૫૬ પેટી દારૂને ૩૫ પેટી કરી નખાયો??



### દારૂ ગુમ કરવામાં કોની મહેનત સફળ થઈ? પી.આઈ. પણ અજાણ!!

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૧૯

રાજકોટ પોલીસ વારંવાર ચર્ચામાં આવતી રહેતી હોય છે. જાણે વિવાદો પુરા થતા જ નથી. હજુ ક્રાઇમ બ્રાન્ચનો વિવાદ સમ્યો નથી ત્યા તાજેતરમાં થોરાળા પોલીસ સ્ટેશના સ્ટાફની કારીગરાઇની ચર્ચાએ જોર પકડ્યું છે. બે દિવસ પહેલા જ પો.ઇ.જે, આર, દેશાઈના સીધા માર્ગદર્શન હેઠળ ડીસ્ટાફ પીએસઆઇ પી.એન. ત્રીવેદી થોરાળા પો.સ્ટે. વિસ્તારમાં સઘન પેટ્રોલિંગમાં રહી પ્રોહી તથા જુગારનાં કેશો શોધી કાઢવા સુચના કરેલ હોય જે અનુસંધાને પેટ્રોલિંગ દરમ્યામના મળેલ ખાનગી હકીકત આધારે આજી જી.આઈ.ડી.સી. ખોડીયારપરા મહાકાળી સર્વિસ સ્ટેશન પાછળ મીની સબ સ્ટેશન બાવળની ઝાડીમાં આરોપી અનીશ ઉર્ફે પો હબીબભાઈ બુધેરા રહે. ખોડીયારપરા શે.નં. ૫,ને ભારતીય બનાવટ નો વિદેશી દારૂનો જથ્થો ઉતારેલ હોય જે પકડી પાડી ગણનાપાત્ર કેશ શોધી કાઢી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. આરોપીને હજુ પકડવાનો બાકી છે. રેઇડ દરમ્યાન પોલીસે ૪૨૦ બોટલ એટલે કે ૩૫ પેટી દારૂ કિ.રૂ.૨,૧૦,૦૦૦ કબ્જે કર્યો હતો. આ કામગીરી પો.ઇન્સ. જે. આર. દેસાઈ, પો.સબ.ઈન્સ. પી. એન. ત્રીવેદી તથા પો. હેડ. કોન્સ. ભુપતભાઈ વાસાણી, વિમલભાઈ ધાણજા, શૈલેષભાઇ ભીસડીયા તથા પો.કોન્સ. નરસંગભાઇ ગઢવી, કનુભાઇ , વિક્રમભાઈ લોખીલ, કિરણભાઈ પરમાર, જયદિપભાઇ ધોળકીયા, હિતેશભાઈ પરમાર, પ્રધ્યુમનસિંહ ઝાલા, રમેશભાઈ માલકીયા દ્વારા કરવામાં આવી હતી.

પરંતુ ચર્ચાઓએ છે કે પકડવામાં આવેલ દારૂ ૩૫ પેટી ન હતો બ્લકી ૫૬ પેટી દારૂ હતો જેને થોરોળા પોલીસના કોઇક કર્મીએ જાદુગરી કરીને ૩૫ પેટી બનાવી દેવામાં આવ્યો હતો. આ અંગે પીઆઇને જાણકારી છે કે નહીં તે ખબર નહીં પરંતુ હાલમાં તો પીઆઇએ સ્વીકારવાનો ઇન્કાર કરી દીધો હતો. આગામી દિવસોમાં શું બનાવને ગંભીરતાથી લઇને ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પગલા લેવામાં આવશે કે કેમ તે ચર્ચાઇ રહ્યું છે.

## મ્યુનિ. કોર્પોરેશન દ્વારા જરૂરિયાતમંદોને 'ઘરનું ઘર' ફાળવવાની કવાયત શરૂ

# ભગવતીપરામાં નિર્મિત ૫૯૦, પોપટપરામાં ૧૦૦ આવાસો માટે કાલથી ફોર્મ વિતરણ







**ભગવતીપરાના 1 BHK આવાસની કિંમત રૂા.૩ લાખ, 30 ચો.મીટર કાર્પેટ એરીયા**

**પોપટપરાના 2 BHK આવાસની કિંમત રૂા.૮.૫૦ લાખ, ૪૫ ચો.મીટર કાર્પેટ એરીયા**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઈસ્ટ ઝોન ખાતે ભગવતીપરામાં સ્માર્ટ ઘર-૫ અને ૬ (પાર્ટ)ના EWS-1 ના નિર્માણ પામેલ ૫૯૦ આવાસો તથા મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત રેલનગર વિસ્તારમાં ખાલી રહેલ LIG પ્રકારના ૧૩૭ પૈકી ૧૦૦ આવાસના ફોર્મ તા.૨૦/૭ થી ૨૨/૮ સુધી મેળવી શકાશે અને વિગત ભરીને પરત કરી શકાશે. ઓનલાઈન પણ આવાસનું ફોર્મ ભરી શકાશે.

મેયર ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, હાઉસિંગ કમિટી ચેરમેન વર્ષાબેન રાણપરા, બાંધકામ સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઈસ્ટ ઝોનમાં ભગવતીપરા મેઈન રોડ, જયપ્રકાશ નગરની બાજુમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણ પામેલ સ્માર્ટ ઘર-૫ અને ૬ (પાર્ટ)ના EWS-1 પ્રકારના કુલ ૫૯૦ આવાસ તથા રેલનગર વિસ્તારમાં મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ અગાઉ બનાવવામાં આવેલા અને હાલ ખાલી પડેલ ૧૩૭ આવાસો પૈકી ૩૭ આવાસોની હાલત થોડી વધુ ડેમેજ થયેલ હોય તેનો આ ફોર્મ વિતરણમાં સમાવેશ કરેલ નથી. જ્યારે સામાન્ય નુકસાની ધરાવતા બાકીના ૧૦૦ આવાસોનો લાભાર્થીઓ લાભ લઈ શકે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આવતીકાલ તા.૨૦/૭ થી ૨૨/૮ સુધી ફોર્મ વિતરણ થશે. લાભાર્થી દ્વારા આ સમયગાળામાં ફોર્મ મેળવી શકાશે અને વિગત ભરીને પરત કરી શકાશે.

ભગવતીપરામાં બનેલા EWS-1 પ્રકારના આવાસની કિંમત રૂ.૩ લાખ અને ફોર્મ સાથે રૂ. ૩૦૦૦ ડિપોઝીટ ભરવાની રહેશે. જેમાં કુટુંબની મહત્તમ વાર્ષિક આવક રૂ.૩.૦૦ લાખ સુધીની હોઈ, તેવા લોકો ફોર્મ ભરી શકશે. આ પ્રકારના આવાસમાં અંદાજીત ૩૦.૦૦ ચો.મી. કાર્પેટ રહેશે જેમાં એક બેડરૂમ, એક હોલ, રસોડું, વોશ, બાથરૂમ-ટોયલેટ સાથે સુવિધા આપવામાં આવશે.

પોપટપરા સ્થિત મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ નિર્માણ પામેલ આવાસની કિંમત રૂ.૮.૫૦ લાખ અને ફોર્મ સાથે રૂ. ૨૦,૦૦૦ ડિપોઝીટ ભરવાની રહેશે. કુટુંબની મહત્તમ વાર્ષિક આવક રૂ.૧.૦૦ લાખથી ૨.૫૦ લાખ સુધીની હોઈ, તેવા લોકો ફોર્મ ભરી શકશે. આ યોજનામાં હયાત આવાસ જે હાલતમાં છે તે જ હાલતમાં સ્વીકારવાના રહેશે. આ આવાસ યોજનામાં રાજકોટ મહાનગરપાલિકાની હદમાં રહેતા લોકો જ આ આવાસ યોજનાના ફોર્મ ભરી શકશે.

**બેંકની ૭ શાખા તેમજ મનપાના સિવિક સેન્ટો પર તા.૨૦ જુલાઈથી ૨૨ ઓગસ્ટ સુધીમાં ફોર્મ લઈ પરત આપવાનું રહેશે, ઓનલાઈન પણ ભરી શકાશે**

મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ નિર્માણ પામેલ આવાસમાં અંદાજીત ૪૫.૦૦ ચો.મી. કાર્પેટ રહેશે. જેમાં બે બેડરૂમ, એક હોલ, રસોડું, વોશ, બાથરૂમ-ટોયલેટ સાથે સુવિધા આપવામાં આવશે.

| ટાઉનશીપ | વિસ્તાર | આવાસોની સંખ્યા | ખાલી આવાસો | ફાળવવાનું આવાસો | માળ માળ |
|---|---|---|---|---|---|
| ૧૪/એ (લોકમાન્ય તિલક ટાઉનશીપ) | પોપટપરા, ઓસ્કાર | ૧૬૮ | ૧૩ | ૯ | G+7 |
| ૩૦/બી (વીર સાવરકર ટાઉનશીપ) | સીટી પાસે, રાજકોટ | ૪૪૮ | ૪ | ૩ | G+7 |
| ૨૪/બી (ક્રાંતિવીર ચંદ્રશેખર આઝાદ | નારાયણનગર રોડ, રાજકોટ. | ૩૨૨ | ૧૨ | ૯ | G+7 |
| ૧૧/એ (ક્રાંતીવર ખુદીરામ (બોઝ) | પોપટપરા, રાજકોટ. | ૧૪૦ | ૧૬ | ૬ | G+7 |
| ૫/સી (મહર્ષિ દયાનંદ સરસ્વતી ટાઉનશીપ) | પોપટપરા, રાજકોટ. | ૪૪૮ | ૪૪ | ૩૪ | G+7 |
| ૨/ડી (શ્યામજીકૃષ્ણ વર્મા ટાઉનશીપ) | પોપટપરા, રાજકોટ. | ૩૩૬ | ૩૧ | ૨૮ | G+7 |
| ૧૫/એ (છત્રપતી શિવાજી ટાઉનશીપ) | પોપટપરા, રીંગ રોડ પાસે | ૨૮૦ | ૧૭ | ૧૧ | G+7 |
| | | ૨૧૪૨ | ૧૩૭ | ૧૦૦ | G+7 |

બન્ને આવાસ યોજનાના ફોર્મ શહેરની આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની જુદી જુદી ૬ શાખાઓમાં જેવી કે, શારદાબાગ, પેલેસ રોડ, રણછોડનગર, નિર્મળા રોડ, એસ્ટ્રોન ચોક, નાણાંવટી ચોક, તથા રાજકોટ મહાનગરપાલિકાનાં તમામ સિવિક સેન્ટર મારફત મળશે અને ત્યાં જ ભરીને આપી શકાશે. ઓફલાઈન માટે ફોર્મની ફી રૂ.૧૦૦ રહેશે જ્યારે ઓનલાઈન ફોર્મ ભરનારને ફી રૂ.૫૦ આપવાની રહેશે.

રાજકોટ મહાનગરપાલિકાના તમામ સિવિક સેન્ટર આવાસ યોજનાના ફોર્મ વિતરણનો સમય સવારે ૧૦:૩૦ થી સાંજે ૩ કલાક સુધીનો રહેશે તેમજ આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં ફોર્મ વિતરણનો અને પરત જમા કરવાનો સમય સવારે ૧૧ થી બપોરે ૩ વાગ્યા સુધીનો રહેશે.

રાજકોટ મહાનગરપાલિકાની WWW. RMC. GOV.IN વેબસાઈટ પરથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.

### જૂનું પ્રાયોગિક જાહેરનામું રદ્દ્ કરીને નવું અમલી

# રાજકોટમાં વન-વે અને નો-એન્ટ્રી અંગે જાહેરનામું

**ઢેબર ચોકથી પ્રહલાદ સિનેમા સુધી લાખાજીરાજ રોડ પર હવે ટુ-વ્હીલરને આવન-જાવનની છૂટ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે રાજકોટ મશીનરી ડીલર્સ એસોસિશનની રજૂઆતને ધ્યાને લઈ, શહેરમાં વન-વે તથા નો એન્ટ્રી મામલે નવું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે, તેમજ અગાઉ જાહેર કરાયેલું પ્રાયોગિક જાહેરનામું રદ કર્યું છે.

નવા જાહેરનામા મુજબ, ઢેબર ચોકથી પ્રહલાદ સિનેમા સુધી લાખાજીરાજ રોડ ઉપર ધર્મેન્દ્ર રોડ, ઘી કાંટા રોડ, જૂની ખડપીઠથી ઢેબર ચોક સુધી તમામ ટુ વ્હીલ વાહનોના આવન-જાવન માટે ખુલ્લા કરવામાં આવ્યા છે. ફક્ત થ્રી વ્હીલર અને ફોર વ્હીલર માટે સવારે ૧૦ થી ૧૩ કલાક (બપોરે ૧) અને બપોરે ૧૬થી ૨૧ કલાક (બપોરે ૪થી રાત્રે ૯) સુધી પ્રવેશ બંધ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત (અ) ધર્મેન્દ્ર રોડ લાખાજીરાજ રોડથી પ્રવેશ બંધ તથા પરાબજારથી ધર્મેન્દ્ર રોડ લાખાજીરાજ સુધી ફક્ત પ્રવેશ કરવાનો રહેશે. (બ) ઘી કાંટા રોડ લાખાજીરાજ રોડથી ફક્ત પ્રવેશ તથા પરાબજારથી ઘી કાંટા રોડ લાખાજીરાજ સુધી પ્રવેશ બંધ રહેશે. (ક) ઘી કાંટા રોડ પ્રેમિલા રોડ સુધી થ્રી વ્હીલર અને ફોર વ્હીલર વાહનો માટે પ્રવેશ બંધ રહેશે. (ડ) ૧. જુની ખડપીઠથી સાંગણવા સુધી સવારે ૯ થી રાત્રે ૨૧ કલાક સુધી પ્રવેશ બંધ રહેશે. ૨. સાંગણવા ચોકથી જૂની ખડપીઠ સુધી સવારે ૧૦ થી બપોરે ૧૩ તથા બપોરે ૧૬ થી રાત્રે ૨૧ કલાક સુધી પ્રવેશ બંધ રહેશે. (ઈ) મોચીબજાર લુહાણાપરા મેઇનરોડથી ફક્ત પ્રવેશ ગુજરી બજાર જામનગરી મુખવાસ દુકાનથી રૈયાનાકા ટાવરથી લુહાણાપરા મેઇન રોડ મોચી બજાર સુધી પ્રવેશ બંધ રહેશે. ઉપરોક્ત અથી ઈ સુધીનારોડ પર પ્રવેશ બંધ સિવાયના સમયમાં ફક્ત થ્રી વ્હીલર અને નાના લોડિંગ ફોર વ્હીલર વાહનો આવન-જાવન કરી શકશે. જ્યારે ગરેડિયા કુવા રોડ લાખાજીરાજ રોડથી પરાબજાર રોડ સુધી ટુ વ્હીલર, થ્રી વ્હીલર વાહનો અને નાના લોડિંગ ફોર વ્હીલર વાહનો સવારે ૯ થી રાત્રે ૨૧ કલાક સુધી પ્રવેશ કરી શકશે. પરાબજારથી ગરેડિયા કુવા રોડ લાખાજીરાજ રોડ સુધી ફક્ત થ્રી વ્હીલર વાહનો અને નાના લોડિંગ ફોર વ્હીલર વાહનો માટે સવારે ૯ થી રાત્રે ૨૧ સુધી પ્રવેશ બંધ રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનારા વાહનચાલક મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ની કલમ ૧૮૩ અને કલમ ૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

# રાજકોટમાં શહેરી કક્ષાના 'જીલ્લા યુવા ઉત્સવ' નું આયોજન

**૯ સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવાની રહેશે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૯

સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ તથા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા યુવા વિકાસ અધિકારીના નેજા હેઠળ રાજકોટ ખાતે શહેરી કક્ષાના યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આશરે ૩૩ જેટલી વિવિધ સ્પર્ધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યુવા ઉત્સવમાં યોજાનારી સ્પર્ધાઓ કુલ ૩ વિભાગમાં યોજાશે. જેમાં ૧૫ થી ૨૯ વર્ષના સ્પર્ધકો ભાગ લઈ શકશે.

આ યુવા ઉત્સવમાં (૧) 'અ વિભાગ' -૧૫ થી ૨૦ વર્ષ સુધીના બાળકો, (૨) 'બ વિભાગ' ૨૦ થી ૨૯ વર્ષ સુધીના યુવકો (૩) ખુલ્લો વિભાગ - ૧૫ થી ૨૯ વર્ષ સુધીની ઉંમર તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિને ધ્યાનમાં લઈને પાત્ર ધરાવતા રાજકોટ શહેરના યુવાઓ ભાગ લઇ શકશે.

આ ઉત્સવમાં ઓફલાઈન સ્પર્ધાઓ જેવી કે ૧. વક્તૃત્વ ૨. નિબંધ ૩. પાદપૂર્તિ ૪. ગઝલ, શાયરી, લેખન ૫. કાવ્ય લેખન ૬, દોહા, છંદ, ચોપઈ ૭. લોકવાર્તા ૮. સર્જનાત્મક કામગીરી ૯. ચિત્રકલા ૧૦. લગ્નગીત ૧૧. હળવુ કંઠ્ય સંગીત ૧૨. લોકવાદ્ય સંગીત ૧૩. ભજન ૧૪. સમૂહગીત ૧૫. એક પાત્રીય અભિનયની કૃતિઓ રજૂ કરવાની રહેશે.

જયારે ૧. લોકનૃત્ય ૨. લોકગીત ૩. એકાંકી (હિન્દી/અંગ્રેજી) ૪. શાસ્ત્રીય કંઠ્ય સંગીત ૫. કર્ણાટકી સંગીત ૬.સિતાર ૭. વાંસળી ૮. તબલા ૯. વીણા ૧૦. મૃદંગમ ૧૧. હાર્મોનીયમ (હળવું) ૧૨. ગીટાર ૧૩. શાસ્ત્રીય નૃત્ય ભરત નાટયમ, મણીપુરી, ઓડીસી, કથ્થક, કુચીપુડી ૧૪. શીઘ્ર વકૃતત્વ ( હિન્દી/ અંગ્રેજી ) જેવી કૃતિઓની વીડિયો કલીપ સી.ડી અથવા ડી.વી.ડી તૈયાર કરી ઓનલાઈન મોકલવાની રહેશે.

સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા રાજકોટ શહેરના યુવા સ્પર્ધકોએ નિયત નમૂનાનું અરજી ફોર્મ મેળવી આધારકાર્ડની નકલ સાથે જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી, ૭/૨ બહુમાળી ભવન, રેસકોર્ષ રોડ, રાજકોટ ખાતે તા. ૯ સપ્ટેમ્બર, બપોરે ૧૨ કલાક સુધીમાં જમા કરાવી આપવાનું રહેશે. વધુ વિગતો માટે ૦૨૮૧-૨૪૪૨૩૬૨ નંબર પર સંપર્ક કરવાનો રહેશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી એચ.વી દિહોરાની યાદીમાં જણાવાયું છે.

**વરસાદથી ધોવાયેલા રસ્તાના પ્રશ્ને સરપંચો લાલધૂમ**

# વલસાડ તાલુકામાં રસ્તા રોકો આંદોલનની ચીમકી

**વાઘલધરાથી ભિલાડ સુધીના રોડની હાલત સૌથી વધુ ખરાબ, તાકીદે યોગ્ય રીપેરીંગ કરવા માંગણી**



(કાર્તિક બાવીશી દ્વારા)

વલસાડ, તા.૧૯

વલસાડ જિલ્લામાં ભારે વરસાદથી રોડ ધોવાઇ ગયા છે. જેથી અકસ્માતોમાં વધારો થયો છે. જેથી સરપંચો પણ હવે મેદાનમાં આવ્યા છે. વાઘલધરાથી ભિલાડ સુધીના રોડમાં અનેક અકસ્માતો થયા છે. જેથી વલસાડ તાલુકાના હાઇ-વે ઉપર આવેલ ગામોના સરપંચો દ્વારા જિલ્લા કલેકટર અને નેશનલ હાઇ-વે ઓથોરિટીને એક આવેદનપત્ર આપવામાં આવ્યું છે. હાઇ-વે ઉપર ખાડાઓ દૂર કારવામાં નહીં આવે આગામી દિવસોમાં આંદોલન કરવાની ચીમકી આપી કોન્ટ્રાક્ટરને બેકલિસ્ટ કરવામાં આવે તેવી માંગ પણ કરી છે. વલસાડ તાલુકાના સરપંચો દ્વારા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ વલસાડ જિલ્લાની હદ વાઘલધરા ભીલાડ સુધી છે. નેશનલ હાઈ-વેના કોન્ટ્રાક્ટરો દ્વારા ખૂબ જ હલકી કક્ષાનો રસ્તો બનેલ છે. એવું પણ જાણવા મળ્યું કે રૂટ કે બ્રિજને બન્યા પછી તેને જવાબદારી કે નિભાવવાની જોગવાઈ ફક્ત પેપર જ પર જ હોય છે. જેના પરિણામે આવું બને છે. વલસાડ તાલુકાના હાલ જ બનેલ બ્રિજ ઉપર જે દુર્ઘટના સોસાયટીમાં ૧૪ વર્ષના છોકરો નિરાધાર જિંદગીભર બની ગયો છે તેમને માતા-પિતા બહેનને છત્રછાયા ગુમાવી છે જેને સહાયની અપેક્ષા હોય શકે છે.

સ્વાભાવિક છે કે આમાં કામકાજના કોન્ટ્રાક્ટ, એન્જિનિયર, આર્કિટેક્ટ તથા સરકારી અધિકારીઓ જવાબદારી નક્કી થવી જોઈએ. આવનારા દિવસોમાં અધિકારીઓ વાઘલધરાથી ભિલાડ સુધીના હાઇવે ઉપર ખાડા પૂરવામાં ન આવે તો વલસાડ તાલુકાના સરપંચો હાઈ-વે ઉપર વાહન વ્યવહાર બંધ કરવામાં આવશે એવી ચીમકી આપી છે.

## સહજાનંદ ગૌશાળા દ્વારા પ્રાકૃતિક ખેતી, પંચગવ્ય અંગે નિઃશુલ્ક માર્ગદર્શન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)



રાજકોટ, તા.૧૯

સહજાનંદ ગૌશાળામાં પંચગવ્ય ઉત્પાદનો અને પ્રાકૃતિક કૃષિની માહિતી નિ:શુલ્ક આપવામાં આવે છે. દર મહિનાના ચોથા રવિવારે સાંજે ત્રણથી છ માહિતી આપવામાં આવે છે. પંચગવ્યની સાથે સાથે આરોગ્ય અને પ્રાકૃતિક ખેતી અંગે પણ માર્ગદર્શન આપવામાં આવે છે. વધુ માહિતી માટે સહજાનંદ ગૌશાળાની રૂબરૂ મુલાકાત લેવા સહજાનંદ ગૌશાળાના કાંતિભાઈ પટેલ (મો. ૯૮૨૪૨૩૩૭૨૯) દ્વારા જણાવ્યું છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## ગુજરાત સહિત દેશભરમાં 'હર ઘર તિરંગા' અભિયાન

જુલાઈથી દરેક રાજ્ય સરકારની વેબસાઈટના હોમપેજ પર તિરંગો દર્શાવવામાં આવશે. નાગરિકોને પણ એમના ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, ટ્વીટર વગેરે પર રાષ્ટ્રધ્વજ દર્શાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. નાગરિકો તિરંગા સાથે સેલ્ફી લઇ કેન્દ્રનાં સાંસ્કૃતિક મંત્રાલયની વેબસાઈટ પર અપલોડ કરી શકશે. અમિત શાહે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક નવી અને અનોખી રીતે આઝાદી અમૃત મહોત્સવ ઉજવવાનું નક્કી કર્યું છે. એટલે તિરંગા અભિયાન રાષ્ટ્રવાદની ભાવનાને નવા ઉચ્ચતમ શિખરો પર લઇ જશે. આઝાદી દિવસે દરેક રાજ્યોમાં ગામેગામ પ્રભાતફેરી કાઢવાની પણ અપીલ કરવામાં આવી છે. કેમકે પ્રભાતફેરી એ દેશની આઝાદીની લડાઈનું મહત્વનું અંગ રહ્યું છે. આ કાર્યક્રમો માટે તમામ મુખ્યમંત્રીઓ પણ લોકોને પ્રોત્સાહન આપવાના કાર્યક્રમોમાં જોડાશે. ગુજરાતમાં હર ઘર તિરંગા ઝુંબેશ સફળ બનાવવા રાજ્ય સરકારે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ૧૯ સભ્યોની એક ખાસ કમિટી આ હેતુસર બનાવવામાં આવી છે.(૨.૧૨)

## તહેવારો નજીક આવતા જ ખાદ્યતેલોમાં કૃત્રિમ તેજીઃ ફરી ભાવવધારો

સિંગતેલમાં ભાવ વધારાનો નવો દૌર શરૂ થશે તેવું લાગે છે. વેપારી વર્ગ કહે છે કે, બજારમાં હાલ મગફળીની અછત છે. બીજીતરફ જન્માષ્ટમી જેવા તહેવારો આવી રહ્યા છે. જેના કારણે ઓઈલમીલ અને દાણા બંનેમાં ખરીદી જોવા મળી રહી છે. તહેવારોની ઘરાકી ખુલ્લી રહી હોવાથી જેમ ખરીદીમાં વેગ આવી રહ્યો છે તેમ ભાવ પણ વધવાની ભીતિ છે. ખાદ્યતેલોમાં અત્યાર સુધી સૌથી સસ્તું પામોલિન તેલ હતું. પણ તેના ભાવ એકધારા વધતા જ રહે છે. સપ્તાહ પહેલા ભાવ રૂ.૧૯૨૦ હતો તે સોમવારે વધીને રૂ.૧૯૫૦ થઇ ગયો હતો. બજારનાં વર્તુળોને શંકા છે કે, જેમ- જેમ તહેવારો નજીક આવશે અને ખરીદી વધતી જશે તેમ- તેમ ખાદ્યતેલો અને અન્ય જીવન જરૂરી ચીજોની ભાવસપાટી ભડકે બળવા લાગશે. તેવી ભીતિ સેવાઈ રહી છે. જન્માષ્ટમીનો તહેવાર એવો છે કે, ખાદ્યતેલોનો વપરાશ ખૂબ જ વધી જતો હોય છે જેનો સંગ્રહખોરો અને નફાખોર તત્વો ખૂબ જ ગેરલાભ ઉઠાવતા હોય છે. આ વખતે સરકાર ગરીબો અને મધ્યમ વર્ગને તહેવારો પર ખિસ્સા ખાલી કરવા ન પડે અને લુંટાઈ નહીં એ જોવા માટે સંગ્રહખોરી રોકવા અને ભાવવધારો ડામવા અત્યારથી તાકીદનાં પગલા લ્યે એવી જોરદાર લોકમાંગણી છે.(૨.૧૨)

## વિમાની કંપનીઓએ નિષ્ણાંત ઈજનેરો રાખવા પડશે

ફ્લાઈટ્સમાં ન્યૂનતમ ઈક્વિપમેન્ટની યાદીમાં પણ કમી આવવાનો ટ્રેન્ડ જોવા મળ્યો છે. આ સિવાય પણ ઘણી જગ્યાએ ફ્લાઇટના ઉપડતા પહેલા સિક્યોરિટી ક્લિયરન્સ આપતા સ્ટાફની અછત જોવા મળી રહી છે. જ્યોતિરાદિત્ય સિંધિયાએ પણ દેખરેખ વધારવા સૂચના આપી હતી અગાઉ સોમવારે નાગરિક ઉડ્ડયન પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ સોમવારે ભારતીય એરલાઇન કંપનીઓના વડાઓ સાથે બેઠક કરી હતી અને તેમને સુરક્ષા દેખરેખ વધારવા માટે કહ્યું હતું. અહેવાલો અનુસાર, સિંધિયાએ એરલાઇન કંપનીઓને સુરક્ષા દેખરેખ વધારવા માટે તમામ જરૂરી પગલાં લેવા જણાવ્યું હતું. સિંધિયાએ રવિવારે મંત્રાલય અને રેગ્યુલેટરી ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA)ના વરિષ્ઠ અધિકારીઓ સાથે સુરક્ષા મુદ્દાઓ પર બેઠક યોજી હતી. જેમાં તેમણે અધિકારીઓ પાસેથી છેલ્લા એક મહિનાની ઘટનાઓ અંગે વિગતવાર અહેવાલ માંગ્યો હતો અને કહ્યું હતું કે મુસાફરોની સલામતી સાથે કોઈ બાંધછોડ કરવી જોઈએ નહીં.(૯)

## અમદાવાદ, વડોદરા, ગાંધીનગરમાં સવારથી વરસાદ

રાજ્યનાં કુલ ૪૭ ડેમ હાઈએલર્ટ પર મુકવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં બોડેલીમાં સાડા ચાર ઇંચ, વડોદરા પાસે વાઘોડીયામાં ત્રણ ઇંચ, વડોદરામાં બે ઇંચ, સંખેડા-તિલકવાડા- પાદરા અને કપરાડામાં બબ્બે ઇંચ વરસાદ નોંધાયો છે. કચ્છમાં વર્તમાન સીઝનનો ૧૦૪ ટકાથી વધુ વરસાદ પડી ચુક્યો છે. સૌરાષ્ટ્રમાં સીઝનનો કુલ વરસાદ ૫૭.૭૭ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૭૪.૧૭ ટકા, જયારે મધ્ય અને પૂર્વ ગુજરાતમાં ૭૪.૧૭ ટકા વરસાદ પડ્યો છે. આ રીતે રાજ્યમાં સીઝનનો વરસાદ ૫૮.૩૨ ટકા થઇ ગયો છે. ગુજરાતમાં ફરી અષાઢી માહોલ જામી રહ્યો હોવાથી આવનારા પાંચ દિવસ વરસાદી માહોલ રહે તેવી આગાહી થઇ છે. રાજ્યનાં દરિયાકાંઠેથી વાવાઝોડાનું સંકટ ટળી ગયું છે. ઓખા દરિયાકાંઠાથી ૭૦ કિમી દૂર અરબી સમુદ્રમાં વાવાઝોડું સર્જાયું હતું તે ફંટાઈને ઓમાન તરફ ચાલ્યું ગયું છે તેમ હવામાન ખાતાએ જાહેર કર્યું છે. (૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## રસી માટે રઝળપાટ, ૫ દિવસમાં સ્ટોક ખાલી

પગલે ગત તા.૧૫મીથી ૧૮ વર્ષ ઉપરની વયના લોકોને પ્રિકોશન ડોઝ આપવાનું ચાલુ કરાયું હતું. આ સાથે અગાઉથી ૬૦ વર્ષથી વધુની વયમાં પ્રિકોશન ડોઝ ચાલુ જ હતા. આ ઉપરાંત ૧૨-૧૪, ૧૫-૧૭ અને ૧૮ વર્ષથી વધુ ઉંમરના વ્યકિત માટે પ્રથમ અને બીજો ડોઝ આપવાની કામગીરી પણ અવિરત ચાલુ જ હતી. હવે ૧૮-૫૯ માટે પ્રિકોશન (ત્રીજો) ડોઝ શરૂ કરાતા જ તમામ રસીકરણ કેન્દ્રો પર લોકોની કતારો લાગવા માંડી હતી. હવે ગંભીર લાપરવાહી એવી રહી ગઈ કે, પહેલા રસીનો પૂરતો સ્ટોક કર્યા વગર જ મફત ત્રીજો ડોઝ આપવાનું ચાલુ કરી દેવામાં આવ્યું. જેથી પાંચ દિવસમાં જ જથ્થો ખૂટી પડયો હતો. આ જાહેરાત થયા પહેલા ગત તા.૧૪મીએ રાબેતા મુજબ ૨૦૯૨ લોકોએ પ્રથમ અને બીજો ડોઝ તથા વૃધ્ધોએ પ્રિકોશન ડોઝ લીધો હતો. બાદમાં તા.૧૫મીથી ૧૮-૫૯ વયમાં પ્રિકોશન ડોઝ ચાલુ થયો અને પ્રથમ દિવસે રસીકરણ બમણાથી વધીને ૫૭૩૦ લોકો સુધી પહોંચી ગયું હતું. બીજા દિવસે તા.૧૬મીએ શનિવારે જ રસી ખાલી થવા લાગતા થોડા ઘટાડા સાથ ૫૪૧૨ લોકોને રસીકરણ થઈ શકયું હતું. ત્રીજા દિવસે રવિવારે તા.૧૭મીએ માત્ર ૮૦ વ્યકિત જ રસી લઈ શકયા હતા. ગઈકાલે તા.૧૮મીએ થોડી રસની વ્યવસ્થા થતાં ૧૩૬૮ લોકોને રસીકરણ કરી શકાયું હતું. હવે આજે પણ રસીકરણ કેન્દ્રો પર લોકોની કતારો જોવા મળી હતી.

## રોડ રસ્તા ભુલાયા' ને ટોણા મારવામાં જનરલ બોર્ડ પુર્ણ!

વશરામ સાગઠિયા વચ્ચે રકઝક થઈ હતી. સાગઠિયાએ ભાજપના કોર્પોરેટરોને ટોણા મારતા જણાવ્યું હતું કે, મેં પક્ષ બદલાવ્યો છે, જેના કારણે મારામાં ઘણો બદલાવ આવ્યો છે. સાગઠિયાએ સવાલ કર્યો હતો કે, કેટલા વર્ષોથી સૂચિત સોસાયટીમાં પ્લાન કમ્પલિશન વગર સ્કૂલો ચાલે છે. આજે જનરલ બોર્ડની બેઠક વર્ષો બાદ એક કલાકથી વધુ સમય ચાલી હતી. આજે ૧ કલાક ૧૦ મિનિટ સુધી બેઠક ચાલી હતી. વશરામ સાગઠિયા દ્વારા પૂછવામાં આવેલા શાળાના પ્રશ્નમાં જ એક કલાક સુધી ચર્ચા ચાલી હતી. આજે ૨૮ પ્રશ્ન સામે માત્ર એક જ સવાલમાં બોર્ડ પૂરું થઈ ગયું હતું. જ્યારે લોકોના વરસાદ અને ખાડાના સવાલો અદ્ધરતાલ જ રહ્યા હતા. જનરલ બોર્ડ બાદ વશરામ સાગઠિયાએ જણાવ્યું હતું કે, રાજકોટમાં શિક્ષણના એટલા બધા મુદ્દાઓ છે કે આખો દિવસ ટૂંકો પડે. રાજકોટમાં શિક્ષણ ખાડે ગયું છે એ વાતથી સાબિત થાય છે કે, ૧૦૦૬માંથી ૧૬૩ જગ્યા ભરવાની બાકી છે. પટ્ટાવાળાથી પ્રિન્સિપાલ સુધીની જગ્યા ખાલી છે. બોર્ડ પૂરું થયું ત્યાં સુધી રાજકોટના મેયર એક પણ શબ્દ બોલી શક્યા નથી કે, તમારો જવાબ મળી ગયો છે. ૪૦ સૂચિત સોસાયટીમાં સ્કૂલના બિલ્ડિંગો ઉભા છે, તેને મંજૂરી ક્યારે આપી તેની માહિતી નથી. સામાન્ય માણસનું ૨૫ વારમાં ઉભું મકાન પાડવામાં શાસકો સૂરાપુરા થાય છે ત્યારે આવડી મોટી કરોડો રૂપિયાની બિલ્ડીંગો ઉભી ક્યારે થઈ એ તેમને ખબર હોતી નથી. રાજકોટમાં ૪૦ સ્કૂલની બિલ્ડીંગ સૂચિત સોસાયટીમાં ઉભા છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## 5 કિલો વાસી ગ્રેવી રાઇસ, નુડલ્સનો નાશ કરાયો

બાબતે નોટીસ આપેલ. ગ્રાન્ડ ઠાકર રેસ્ટોરન્ટ, તિરૂપતિ મસાલા ઢોસા, મોમાઈ પાન, વૈયરાજા પાણીપુરી, ટ્વીંઇ કચ્છી દાબેલી, કનૈયા કોલ્ડ્રિંક્સ, ફોજી ટી સ્ટોલ, ડિલક્સ પાન કોલ્ડ્રિંક્સ -લાઇસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ. તથા ભારત ડેરી ફાર્મ, બાલાજી સેન્ડવિચ, શ્રી યાદવ પાન સેન્ટર, એ-૧ કોલ્ડ્રિંક્સ, મહિરાત ડિલક્સ કોલ્ડ્રિંક્સ, વિકાસ ડેરી ફાર્મ, રીમઝીમ સોડા શોપ, અક્ષર વાડાપાઉ, શિવ ઘૂઘરા, નટરાજ બેકરી જનરલ સ્ટોર, જય અંબે ફરસાણની ચકાસણી કરવામાં આવેલ.(૧.૫)

## ૨૮, ૨૯ જુલાઈનાં રોજ વડાપ્રધાન ગુજરાતમાં

સમીક્ષા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં અધ્યક્ષ સ્થાને આજે મળેલી કેબિનેટની બેઠકમાં વડાપ્રધાનનાં કાર્યક્રમને આખરી રૂપ આપવામાં આવ્યું હતું અને તમામ તૈયારીઓની સઘન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. દરમ્યાન નવા રાષ્ટ્રપતિની શપથવિધિનાં સમારંભમાં હાજરી માટે આમંત્રણ મળતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ૨૫ મી જુલાઈનાં રોજ નવી દિલ્હીની મુલાકાતે જઈ રહ્યા છે તેમ જાણવા મળ્યું છે.(૨.૧૨)

## કોંગ્રેસના અગ્રણીઓ દ્વારા આક્રોશ ઠાલવીને આંદોલનની ચીમકી

# પાસપોર્ટ ઓફિસમાં અરજદારોને બેસવાની મનાઈ!



### કોરોના મહામારીના નામે અરજદારોને ફરજીયાત ઉભા જ રહેવાનો નિષ્ઠુર નિયમ પરત ખેંચવા માંગણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

ગોંડલ રોડ સ્થિત પાસપોર્ટ ઓફિસમાં કોરોનાના નામે અરજદારોને બેસવાની મનાઈ ફરમાવી ફરજિયાત ઉભા રાખવાના ફતવા સામે ભારે રોષ ભભૂકી ઉઠયો છે. આ હેરાનગતિ જો એક સપ્તાહમાં બંધ કરવામાં નહીં આવે તો આંદોલનની ચીમકી કોંગ્રેસ અગ્રણી જસવંતસિંહ ભટ્ટી ગોપાલ અનડકટ, ડી.પી. મકવાણા, રણજીત ધૂંધવા અને ઘનશ્યામસિંહ જાડેજાએ ઉચ્ચારી છે.

તેમણે આક્રોશ ઠાલવ્યો છે કે, ભારતીય નાગરિકત્વ અપાવવામાં મહત્વપૂર્ણ કામગીરી કરતી પાસપોર્ટ શાખામાં ફરજ નિભાવતા અધિકારીઓ અવનવા નિયમો બનાવી મનમાની ચલાવતા હોવાથી લોકોમાં ભારે રોષ ભભૂકી ઉઠયો છે. રાજકોટના ગોંડલ રોડ ઉપર આવેલ પાસપોર્ટ ઓફિસમાં પાસપોર્ટ મેળવવા જતાં અરજદારોને પારાવાર યાતનાઓ વેઠવી પડી રહી છે. કારણ કે આ પાસપોર્ટ ઓફિસમાં ૪ જગ્યાએ ડોક્યુમેન્ટ વેરિફિકેશન સહિતની કામગીરી માટે જુદા જુદા વિભાગોમાં જવું પડે છે અને આ તમામ જગ્યાઓએ કોરોના નિયમને અનુરૂપ ગાઈડલાઈનનું પાલન કરવાનું જણાવી બેસવાની મનાઈ ફરમાવી દેવામાં આવી છે. એકપણ અરજદાર બેસે નહીં તે માટે ખુરશીઓ પણ ઊંધી કરી નાખી છે. ફરજિયાત લોકોને ઉભા રાખવાના ફતવા સામે લોકોને ભારે હેરાનગતિ વેઠવી પડી રહી છે.

પાસપોર્ટ કઢાવવા નાના બાળકોથી લઈને અશક્ત વૃદ્ધો પણ આવતા હોય છે. પરંતુ પાસપોર્ટ ઓફિસના સ્ટાફની આ મનમાની સામે કોંગ્રેસ અગ્રણીઓ જસવંતસિંહ ભટ્ટી, ગોપાલ અનડકટ, ડી.પી. મકવાણા રણજીત મુંધવા અને ઘનશ્યામસિંહ જાડેજાએ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.જેમાં જણાવાયું છે કે એક સપ્તાહમાં જો પાસપોર્ટ વિભાગમાં કોવિડના નામે લોકોને ફરજિયાત ઉભા રાખવાનો નિર્ણય નાબૂદ નહિ કરવામાં આવે તો લોકહિતમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની જરૂર પડશે. તેમ જણાવ્યું છે.

### વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સ્પર્ધકોનું સન્માન કરાશે

## જન્માષ્ટમી મહોત્સવ માટે સૂત્ર સ્પર્ધા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

રાજકોટમાં છેલ્લા ૩-દાયકાથી અલગ-અલગ થીમ અને પ્રેરક સૂત્રો દ્વારા ભગવાન શ્રીકૃષ્ણના જન્મને વધાવવા વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરીત જન્માષ્ટમી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ મહોત્સવને સંલગ્ન એક સૂત્ર આપવામાં આવે છે તે સૂત્ર અને થીમને લઈને સમગ્ર સૌરાષ્ટ્રભરમાં ઉજવણી થાય છે. છેલ્લા ત્રણ વર્ષાથી એક નવતર પ્રયાસના ભાગ રૂપે વિ.હિ.પ. દ્વારા સૂત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સ્પર્ધામાં જાહેર જનતા ઉત્સાહભેર મોટી સંખ્યામાં ભાગ લ્યે છે. ગત વર્ષની માફક આ વર્ષે પણ કોઈપણ જાતના ભેદભાવ વગર તમામ લોકોને આ સ્પર્ધામાં ભાગ લેવા માટે આહવાન કરાયું છે.

આ સ્પર્ધામાં ભાઈઓ-બહેનો-બાળકો-વિદ્યાર્થીઓ-વેપારીઓ-નોકરીયાત એમ સમાજના તમામ ઉંમર અને વર્ગના લોકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ગુજરાતી અને હિન્દી ભાષામાં સૂત્ર આપવાનું રહેશે. બહુ ટુંકુ નહિ અને બહુ વધુ પડતુ લાંબુ નહિ એ પ્રકારના સૂત્ર આવકાર્ય છે એટલે કે ઓછા શબ્દોમાં વધુ અર્થ સાથે મેસેજ આપે એવા સૂત્રો ઈચ્છનીય છે.

આ સમગ્ર આયોજનમાં દર વર્ષે કોઈને કોઈ વિષય ઉપર સૂત્ર નકકી થતુ હોય છે જેમાં આ વર્ષે આઝાદી કા અમૃત મહોત્સવ, અગ્નિપથ, સામાજીક સમરસતાના હિમાયતી શ્રીકૃષ્ણ તથા કૃષ્ણ ભક્તિ સાથે રાષ્ટ્ર ભક્તિ વિષય પર આધારીત સૂત્ર બનાવવાના રહેશે. દરેક સ્પર્ધકોને વિશેષમાં જણાવવાનું કે, વિષયને લઈને સૂત્રો મોકલશો તો સમાજને નવી દિશા મળશે તેમજ આ વિષયને આનુસાંગીક કોઈ કૃષ્ણ ભગવાનની ફોટો હોય તો તે પણ સાથે મોકલવા.

સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકે સુદર સૂત્ર બનાવી સાથે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખી લેખિતમાં વિ.હિ.પ. કાર્યાલય, ૮-મીલપરા, કાંતાસ્ત્રી વિકાસ ગૃહ રોડ, રાજકોટ ખાતે રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાનું રહેશે અથવા વિ.હિ.પ. ના મધ્ય જિલ્લા મંત્રી રાહુલભાઈ જાની મો.નં. ૮૫૧૧૩ ૧૧૦૦૮ તથા પૂર્વ જિલ્લા મંત્રી સુશીલભાઈ પાંભર મો.નં.૯૮૭૯૨૧૬૭૪૭ તથા મધ્ય જિલ્લા સહમંત્રી હર્ષિતભાઈ ભાડજા મો.નં.૮૨૬૪૦૮૦૩૩૭ ઉપર વોટસએપ દ્વારા તા.૨૪ ને રવિવાર સુધીમાં મોકલી આપવાના રહેશે. તેમ નિતેશભાઈ કથીરીયાએ જણાવ્યું છે.

### સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા છાત્રો માટે આયોજન

## સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ માટે ૨૩મીએ કાર્યશાળા

#### સરળતાથી ગણિતના પ્રશ્નોની સ્માર્ટ ઈનોવેટીવ તકનિક વિષે અપાશે માર્ગદર્શન




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

દેશભરમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીનાં ભાગરૂપે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ત્યારે વિજ્ઞાન ગુર્જરી, રાજકોટ એકમ અને કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.), સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય કક્ષાનાં સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ-૨૦૨૨ અંતર્ગત સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં છાત્રો માટે વિશિષ્ટ પ્રકારની કાર્યશાળાનું નિઃશુલ્ક આયોજન તા.૨૩ ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે કરવામાં આવેલ છે.

જેમાં સ્પર્ધાત્મક પરીક્ષાનાં ગણિત અને રીઝનીંગનાં ૨૦ વર્ષનો અનુભવ ધરાવતાં પ્રખર નિષ્ણાંત સમીરભાઈ પટેલ મારફત કાર્યશાળામાં ભાગ લેનાર છાત્રોને જી.પી.એસ.સી., બેંકીગ, તલાટી, જુનિયર કલાર્ક, સુપ્રીટેન્ડન્ટ વગેરે પરીક્ષાઓમાં ખૂબ જ અગત્યના વિષયો ગણિત અને રીઝનીંગનાં પ્રશ્નો ખૂબ જ સરળતાથી અને ઝડપી કેવી રીતે સોલ્વ કરી શકાય? તે પ્રકારની ઈનોવેટીવ મેથેમેટીકલ્સ સ્માર્ટ ટ્રીક શીખડાવવામાં આવનાર છે. ગુજરાત રાજયમાં વિજ્ઞાન ગુર્જરીનાં માધ્યમથી સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ-૨૦૨૨ માં ૭૫ તજજ્ઞો મારફત ૭૫ કાર્યશાળાઓનું આયોજન કરાયેલ છે. જેમાં રાજકોટ યુનિટનાં પ્રદિપભાઈ જોષી અને પ્રો. નિકેશભાઈ શાહનાં સંયુક્ત પ્રયાસથી સ્પર્ધાત્મક પરીક્ષાનાં છાત્રો માટે વિશિષ્ટ કાર્યશાળાનું આયોજન કરાયું છે.

કાર્યશાળામાં ભાગ લેવા ઈચ્છુક સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં છાત્રોને ટીમ સી.સી.ડી.સી. દ્વારા સી.સી.ડી.સી. ના કાર્યાલય, ગ્રાઉન્ડ ફ્લોર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ ખાતે વહેલા તે પહેલાનાં ધોરણે નિઃશુલ્ક રજિસ્ટ્રેશન કરાવવા અનુરોધ કરેલ છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સર્વ સુમિતભાઈ મહેતા, ચિરાગભાઈ તલાટીયા, દિપ્તીબેન ભલાણી, આશિષભાઈ કીડીયા, હિરાબેન કીડીયા અને સોનલબેન નિમ્બાર્ક જહેમત ઉઠાવી રહ્યા છે.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એમ.એ. સેમ-૧ ના વિદ્યાર્થીઓનો સ્વાગત કાર્યક્રમ યોજાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

સોમવારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં PGDCCના વિદ્યાર્થીઓની શપથવિધિ અને એમ.એ. સેમ-૧ ના વિદ્યાર્થીઓનો સ્વાગત કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ગિરીશ ભીમાણી, GLS યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. ભાલચંદ્ર જોશી, સિન્ડિકેટ સભ્ય ડો. ધરમ કાંબલિયા અને ડો. નીતાબેન ઉદાણી, ભવન અધ્યક્ષ ડો. યોગેશ જોગસણ, ડો. ચંદ્રવાડિયા, ડો.ભરત કટારીયા, ડો. નવીન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાથના અને વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા PGDCC નો કોર્ષ કઈ રીતે સ્ટાર્ટ થયો તનો વીડિયો દર્શાવી કરવામાં આવી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈતિહાસમાં આર્ટસ ફેકલ્ટીમાં પહેલી વખત મનોવિજ્ઞાન વિષયમાં ઓથ સેરિમનીની ઉજવણી થઈ હતી.

આ કાર્યક્રમમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત ભવન અધ્યક્ષ ડો. યોગેશ એ.જોગસણ દ્વારા કરવામાં આવ્યું.

કાર્યક્રમની આભારવિધિ ડો. હસમુખ ચાવડા દ્વારા કરવામાં આવી તથા આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડાૅ. ધારા દોશી દ્વારા કરવામાં આવ્યું હતું.

## વલસાડ મેડિકલ કોલેજમાં રાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ યોજાયો



**(કાર્તિક બાવીશી દ્વારા)**
વલસાડ, તા.૧૯

વલસાડની જીએમઇઆરએસ મેડિકલ કોલેજના સર્જરી ડિપાર્ટમેન્ટ અને એસોસિએશન ઓફ સર્જના ઓફ વલસાડના ઉપક્રમે સિવિલ હોસ્પિટલના ઓડિટોરિયમમાં ૯ મી જુલાઇના રોજ ડાયાબિટીક ફૂટ વિષય પર એક શૈક્ષણિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ડાયાબિટીક ફૂટ વિષય પર દેશભરના ડોક્ટરોએ વકતવ્ય આપ્યું

જીએમઇઆરએસ કોલેજના સર્જરી વિભાગના વડા અને પ્રોજેક્ટ ચેરમેન ડો. જનક પારેખ અને સર્જન એસોસિએશનના વડા ડો. પ્રદિપ મિસ્ત્રી દ્વારા યોજાયેલા આ પરિસંવાદમાં ગુજરાતભરના જનરલ સર્જન, ઓર્થોપેડિક સર્જન અને પ્લાસ્ટીક સર્જન મળી કુલ ૧૨૫ ડોક્ટરોએ ભાગ લીધો હતો.

આ પરિસંવાદને સફળ બનાવવામાં કોલેજના ડીન ડો. કમલેશ શાહ અને હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડન્ટ ડો. ભાવેશ ગોયાણી, વલસાડના સર્જન ડો. સંજીવ દેસાઇ, ડો. અભિજીત મ્હસ્કર, ડો. અજીત ટંડેલ, ડો. કુરેશી, ડો. સુમિત વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ડો. વસુંધરા અને ડો. વંશિકાએ કર્યું હતું.

## તેજસ્વી તારલાઓનું સન્માન અને ચોપડા વિતરણ કરાયું

### વાત્સલ્ય જ્ઞાન વર્ધક સંઘ-પ્રતિષ્ઠાન દ્વારા કરાયું હતું આયોજન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

પૂ મૂળવંતભાઈ દોમડીયા દ્વારા સ્થાપિત વાત્સલ્ય જ્ઞાન વર્ધક સંઘ-પ્રતિષ્ઠાન-રાજકોટ કે જે સમાજ ઉત્કર્ષ અને જ્ઞાન પ્રસાર માટે વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ તેમ જ વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવી વ્યવસાયલક્ષી પ્રવૃત્તિઓ કરતી સંસ્થા છે. તાજેતરમાં જ આ ટ્રસ્ટ દ્વારા ગત તા.૧૭ ને રવિવારના રોજ વિરાણી વાડી, ખાતે ધો. ૧ થી ૧૨ના તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવેલ. જે અંતર્ગત પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર તેમ જ અન્ય તમામ વિદ્યાર્થીઓને એક ડઝન ફૂલસ્કેપ ચોપડા આપી પુરસ્કૃત કરી સન્માનિત કરવામાં આવેલ. સાથે સાથે તમામ વિદ્યાર્થીઓને શુદ્ધ અને સાત્વિક ભોજન પણ કરાવવાનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. તેજસ્વી તારલાઓના સન્માનનો લાભ પૂ. મૂળવંતભાઈ દોમડીયા પરિવાર, હસ્તે રંજનબેન ગુલાબચંદ દોમડીયાએ લીધેલ, ફૂલ સ્કેપ ચોપડા આપવાનો લાભ મોદી સ્કૂલસ અને મંજુલાબેન ચંદ્રકાન્ત દૌશી દ્વારા સંયુકત રીતે લેવામાં આવેલ. જ્યારે બાળકોના ભોજનનો લાભ મંજુલાબેન ચંદ્રકાન્ત દોશી પરિવાર દ્વારા લેવામાં આવેલ હતો. આ સુંદર આયોજનને સફળ બનાવવા માટે વાત્સલ્ય જ્ઞાન વર્ધક સંઘ-પ્રતિષ્ઠાનના ટ્રસ્ટીઓએ જહેમત ઉઠાવી હતી તથા તેમાં સ્થાનકવાસી જૈન પ્રતિક્રમણ યોજના મંડળના કાર્યકરોનો પણ સુંદર સહયોગ પ્રાપ્ત થયેલ. તેમ નિશાંત દોમડીયાએ જણાવ્યું છે.

### અવસાન નોંધ

રાજકોટઃ મુળ વાસાવડ હાલ રાજકોટ નિવાસી સુશીલાબેન ભાયલાલભાઈ હરિયાળી (ઉ.વ.૮૨) તે સ્વ. ભાયલાલભાઈ નાગજીભાઈ હરિયાળીના પત્ની તેમજ સ્વ. પ્રવિણભાઈ, કે.બી.હરિયાળી (એરપોર્ટ), ચેતનભાઈના તથા નિધીશ, આસ્થાના દાદી અને ઠા.હરગોવિંદદાસ જવરાજભાઈ સોમૈયા જસદણવાળાના દીકરીનું તા.૧૮ના રોજ અવસાન થયું છે. સદ્દગતનું બેસણું તા.૨૧ને ગુરૂવાર સાંજે ૪ થી ૬ પુષ્કરધામ મંદિર, પુષ્કરધામ મેઈન રોડ, યુનિ. રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

### સી.આર.પાટીલને પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે બે વર્ષ પૂર્ણ થવાના અવસરે

## શહેર ભાજપ દ્વારા દતક લીધેલા બાળકોને પોષણક્ષમ આહારની કીટ અપાશે



#### કાલે શહેર ભાજપ યુવા મોરચા દ્વારા તમામ વોર્ડમાં સદસ્યતા અભિયાન યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ તરીકે આવતીકાલે તા.૨૦ રોજ પોતાના કાર્યકાળના બે વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. ત્યારે આ અવસરે શુભેચ્છા પાઠવતા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરે જણાવ્યું હતું કે, ગુજરાતે હંમેશા દેશને દિશા આપી છે. ત્યારે ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના પોતાના બહોળા રાજનૈતિક અનુભવથી ગુજરાત ભાજપનું સંગઠન મજબુત બન્યું છે. આવતીકાલે સુપોષણ અભિયાનના પણેતા સી.આર. પાટીલને પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે બે વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે તે અવસરે શહરે ભાજપ પ્રમુખ કમલેશ મિરાણોનો માર્ગદર્શન હેઠળ શહેર ભાજપના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ દ્વારા સુપોષમ અભિયાન અંતર્ગત દતક લીધેલા બાળકોના ઘરની મુલાકાત લઈ તેમને ફળફળાદિ, પોષ્ટીક નાસ્તો, ન્યુટ્રીશન માટેની સુપોષણ આહારયુક્ત કીટ આપવામાં આવશે. તેમ અંતમાં શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરે જણાવેલ હતું.

## પત્ની-બાળકોને માસિક રૂ.૬ હજાર ભરણપોષણ પેટે ચુકવવા હુકમ કરતી કોર્ટ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

પરણીતા રમીલા બહેનના લગ્ન રાજકોટ ખાતે ચંદ્રેશ ડાયાભાઈ પરમાર સાથે થયેલ હતા અને ત્યારબાદ પતિ પત્ની વચ્ચે અણબનાવ થતાં પરણીતા બંને સગીર સંતાનો સાથે પતીથી અલગ રહેવા મજબુર બનેલ હતી. અને તેની પાસે આવકનું કોઈ સાધન ન હોઈ તેણે રાજકોટની ફેમિલી કોર્ટમાં પોતાના પતી પાસેથી ભરણપોષણની માંગ કરતી અરજી કરેલ હતી અને કેસ ચાલે ત્યાં સુધીમાં વચગાળામાં પણ ભરણપોષણની માંગ કરતી અરજી દાખલ કરતા અદાલતે કેસ ચાલે તે સમય દરમ્યાન પરણીતાને માસિક રૂ. ૪૦૦૦ અને બંને સંતાનોને અલગ-અલગ માસીક ૧૦૦૦ મળી મુલ રૂ. ૬૦૦૦ પતીએ વચગાળામાં ભરણપોષણના ચુકવવા તેવો આદેશ પતીને કરેલ છે. આ કેસમાં પરણીતા રમીલાબેન વતી એડવોકેટ સમીમબેન કુરેશી રોકાયેલ છે.

### શ્રી મંગલ પાંડેની ૧૯૫મી જન્મજયંતિ પ્રસંગે તેઓની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરતા મહાનગરપાલિકાના પદાધિકારીઓ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટઃ મહાનગરપાલિકા દ્વારા આજે શ્રી મંગલ પાંડેની ૧૯૫મી જન્મજયંતિ પ્રસંગે તેઓની પ્રતિમાને પુષ્પાંજલિ કરતા ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, શાસકપક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, કોર્પોરેટર મનિષભાઈ રાડિયા, અશ્વિનભાઈ પાંભર, પરેશભાઈ પીપળીયા, હિરેનભાઈ ખીમાણીયા, વિનુભાઈ સોરઠીયા, રણજીતભાઈ સાગઠિયા, રાજેશ્વરીબેન ડોડીયા, લીલુબેન જાદવ, દક્ષાબેન વાઘેલા, પ્રીતિબેન દોશી, કંકુબેન ઉઘરેજા તેમજ વોર્ડના આગેવાનો અને લતાવાસીઓ વગેરે ઉપસ્થિત રહેલ.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

RECRUITMENT

DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

EXPERIENCE
Experienced / Freshers

WORKING HOURS
8 Am To 6 Pm

WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm

ADDRESS
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com
Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY

## રાજકોટ જિલ્લામાં દર મહિને ૫૦૦૦ લોકો કોલ કરીને માંગે છે મદદ

# ‘૧૦૮’ દેવદૂતઃ ૬૩,૨૯૭ માનવ જિંદગી બચાવી

## હાલ ૪૨ એમ્બ્યુલન્સ કાર્યરત માત્ર ૧૩ મિનિટમાં મેડિકલ ઈમરજન્સી સમયે મદદરૂપ બનવાનું અવિરત સેવાકાર્ય




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૯

એક સમય હતો જયારે ગંભીર મેડિકલ ઇમરજન્સીમાં માત્ર સિવિલની એમ્બ્યુલન્સ મદદરૂપ બનતી. જેમાં માત્ર દર્દીનું વહન કરવામાં આવતું, તેમને સારવાર પણ હોસ્પિટલ પહોંચે ત્યારે જ મળતી. દર્દીને જીવનું જોખમ રહેતું, પરિવારજનોના જીવ ઉંચક રહેતા. લાઈફ સેવિંગ પોસિબિલિટી પણ સમય, સ્થળ પર નિર્ભર રહેતી હતી. આવા સમયે રાજ્ય સરકાર દ્વારા જી.વી.કે. ઈ.એમ.આર.આઈ.ના સહયોગથી દેવદૂત સમાન ૧૦૮ નું આગમન થયું, અને દર્દીને સમયબધ્ધ સચોટ સારવારની આશાનો પણ જન્મ થયો.

રાજકોટ જિલ્લાની વાત કરીએ તો ૪૨ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ તત્પર હોઈ છે દર્દીની સેવામાં. ઘટના સ્થળે શહેરમાં પહોંચવાનો એવરેજ સમય છે ૧૩ મિનિટ, જયારે ગ્રામ્ય વિસ્તારમાં છે માત્ર ૨૦ મિનિટ. સરેરશ ટાઈમ માત્ર ૧૬ મિનિટ. રાજકોટ જિલ્લામાં સરેરાશ માસિક ૫ હજાર કોલ રિસ્પોનશ મુજબ હાલ સુધીમાં ૬ લાખ ૬૦ હજારથી વધુ કોલનો રિસ્પોન્સ આપી દર્દીને તાત્કાલિક સારવાર સાથે હોસ્પિટલ સુધી પહોંચાડવાની કામગીરી નિભાવી છે. જેના પરિણામે ૬૩,૨૯૭ માનવ જિંદગી બચાવી અનેક પરિવારોમાં ખુશીઓની ગંગોત્રી વહાવી છે. ૧૦૮ સેવાનો ખાસ કરીને હાઇ-વે પરના અકસ્માતો અને ગ્રામીણ વિસ્તારમાં ઇમરજન્સીના કિસ્સામાં ઉપયોગ લેવામાં આવતો હોય છે. ૧૦૮ દ્વારા ૬ હજારથી વધુ પ્રસૂતાઓને હોસ્પિટલ સુધી પહોંચાડવામાં અને ઇમરજન્સી કિસ્સામાં રસ્તા પર જ ૧૦૮ વાનમાં પ્રસુતિ કરાવી છે.

રાજકોટ શહેરની વાત કરીએ તો આજી ડેમ, કોઠારીયા સોલ્વન્ટ, ગ્રીનલેન્ડ ચોકડી, કોઠારીયા, રૈયાધાર સહિતના વિસ્તારોમાં કેસનું પ્રમાણ વધારે જોવા મળે છે. જયારે ગ્રામીણ વિસ્તારની વાત કરીએ તો ભાડલા, ધોરાજી, ગોંડલ,, જસદણ, જેતપુર, કુવાડવા, પડધરી, શાપર, સરધાર, ઉપલેટા સહિતના પંથકમાંથી વિશેષ પ્રમાણમાં કેસ હેન્ડલ કરવામાં આવતા હોવાનું પ્રોજેક્ટ કોઓર્ડીનેટર વિરલ ભટ્ટે જણાવ્યું છે. ૧૦૮ સેવા માત્ર દર્દીની સારવાર-સુશ્રુષા પૂરતી જ સીમિત રહી નથી, પરંતુ દર્દીઓ પાસે ઘટના સ્થળેથી મળેલ રોકડ અને કિંમતી દાગીના એકત્રિત કરી તેમના પરિવારજનોને પરત કરી કર્મીઓની ઈમાનદારીની પ્રતીતિ તેમના પરિવારજનોને થઈ હોવાના અનેક દાખલાઓ બન્યા છે.

# ‘આત્મમંથન’

## હા, એ સુટકેસમાં પેક થઈ નહોતી આવી..

મારી મમ્મીનાં મૃત્યુ પછી અમારું એ ઘર સાવ ખાલી પડ્યું, મા વગરનું એ ખોરડું, સોસાયટી જુની એટલે **redevelopment** ની વાતો ચાલ્યાં કરે, એમાં આવ્યો કોવિડ અને બધું થઈ ગયું સાવ ઠપ.

આ વર્ષે ફરી એ જ બાબતે મિટિંગ થઈ અને જૂનાં પાડોશીઓને મળવાનું થયું. એક વાત જાણવાં મળી જેણે હૃદય કોરી ખાધું, થયું ચાલો તમને જણાવું કદાચ દુઃખ બાટવાથી ઓછું થાય.

અમારી બાજુનાં ફ્લેટમાં એક વૈષ્ણવ પરિવાર રહેતો હતો, એમને પાંચ દિકરીઓ, બે દિકરીઓના લગ્ન પછી એ વૈષ્ણવ દંપતી મરજાદી થઈ ગયું હતું, પત્ની લાલાની સેવામાં વ્યસ્ત રહે અને પતિ ગોકુળ-વૃંદાવનની ટૂર ગોઠવે, બાકી રહેલી ત્રણેય દિકરીઓ કમાતી, એ ત્રણમાંથી બે દિકરીઓએ લવ મેરેજ કરી લીધા, હવે છેલ્લી બાકી જે પરણવાની ઉંમરથી થોડી નાની પણ હતી, ખૂબ દેખાવડી, ગ્રેજ્યુએટ થયેલી અને સ્માર્ટ, કોઈને પણ જોતાં જ ગમી જાય એવી, એટલે એનાં માતાપિતા ને એનાં લગ્ન બાબતે ખાસ ચીંતા નહોતી.

એક દિવસ ખબર આવ્યા કે એ નાની દિકરી પણ લવ મેરેજ કરી રહી છે, લગભગ ખાતરી જ હતી કે આવું થશે પણ આ છોકરી એનાં બોસ સાથે પરણી રહી હતી, ગાડી લઈને રોજ બોસ લેવાં આવે, મૂકવાં આવે, સોસાયટીના લોકો ક્યારેક અચરજ પામે તો ક્યારેક પ્રભાવિત થાય, સામે પક્ષે બોસ પણ દેખાવડો અને યુવાન, ચલો જે થાય તે સારાં માટે એમ માનીને સૌ સંતોષ પામે.

આ વખતે લગ્ન ધામેધુમે થવાને બદલે કોર્ટ મેરેજ થયાં, મોર્ડન ફેમિલી છે એવું કારણ બતાવાયું. આ બધી વાતોમાં કોઈએ એ નોટિસ ના કર્યું કે છોકરીનાં માતાપિતા ખાસ ખુશ નથી દેખાતા, છેલ્લી છોકરી પરણી રહી છે, ઘર હવે ખાલી થઈ જશે એટલે થોડાં દુઃખી હશે એમ સૌએ માની લીધું.

લગભગ બે વર્ષ પછી સમજાયું કે એ છોકરી વિધર્મીને પરણી હતી અને એટલે જ કોર્ટ મેરેજ થયાં અને એટલે જ એ ચુસ્ત વૈષ્ણવ ધર્મ પાળતું દંપતીએ લગ્નથી ખાસ ખુશ નહોતું.

જ્યારે એ છોકરી માતાપિતાને મળવાં આવતી માતાપિતા એ એને રોકાવા આવવાની સખ્ત મનાઈ કરી હતી એટલે રોકાતી નહીં પણ એ બે-ચાર કલાક આવતી જોતજોતામાં તો એને બે દિકરીઓ પણ થઈ હતી. પડોશીઓએ પહેલાતો મન ભરીને પંચાત કરી અને પછી સમસમીને બેસી ગયાં. કોઈએ એ દિકરીને કોસી તો કોઈએ એનાં મા-બાપને..

પછી એ છોકરી સદંતર આવતી બંધ થઈ, રહેતાં રહેતાં એવાં ખબર આવ્યા હતાં કે એને હજું બીજાં બે બાળકો થયાં હતાં. એનાં મમ્મી પપ્પા હવે એની વાત નીકળતાં જ રડી પડતાં એટલે લોકોએ એનાં વિશે પુછવાનું પણ બંધ કર્યું.


(મમતા પટેલ-મુંબઈ)

છે ક હમણાં લગભગ પચીસ વર્ષ પછી ઘટસ્ફોટ થયો અને લોકોએ જાણ્યું કે એ છોકરીનાં પેલાં યુવાન, ધનવાન પતિએ બે દિકરી થયાં પછી એને છોડી દીધી હતી અને એ એની જ જાતની બીજી છોકરીને પરણ્યો હતો અને ત્યારથી આ છોકરી એની સૌતનના ભાઈ સાથે વગર લગ્ને રહીને એનાં બે બાળકની માતા બની હતી.

માતાપિતા એ જ્યારે આ બધું જાણ્યું હતું ત્યારથી ‘તું અમારાં માટે મરી ચૂકી છે’ કહી સંબંધ તોડ્યો હતો અને હવે પચીસ વર્ષ પછી એ કોઈ રોગથી પીડાતી હતી, એનું હિમોગ્લોબીન લો હતું, એક પતિ ‘હું એને છોડી ચૂક્યો છું’ કહી સંભાળ રાખતો નહોતો અને બીજો ‘એ મારી પત્ની છે જ નહીં’ કહી એની દરકાર કરતો નહોતો.

એ છોકરીની બહેનોએ હવે સમાજની શરમ છોડીને એને હોસ્પિટલમાં એડમીટ કરી પણ એનો કોઈ ફાયદો ના થયો, પેલાં વૈષ્ણવ દંપતી એ થોડાં જ સમયમાં એમની સૌથી નાની અને એક સમયે સૌથી લાડકી દિકરી ગુમાવી દીધી, એ ચાર બાળકો મૂકીને મરી, વાત આટલેથી નથી અટકતી, ચારમાંથી બે દિકરાને પેલાં લોકોએ રાખી લીધાં અને બે મોટી દિકરીઓને વૈષ્ણવ પરિવારને સોંપી દીધી. જે દિકરીઓ પહેલેથીજ વિધર્મી પરિવારમાં ઉછરી છે, જેની ભાષા, પરિધાન, રીતભાત આપણાંથી તદ્દન ભિન્ન છે એવી બાવીસ અને વીસ વર્ષની યુવાન છોકરીઓને આ પરિવાર હવે કેવી રીતે સાચવે એ પહાડ જેવો પ્રશ્ન છે, હાલ પુરતી એ બન્ને દિકરીઓને હોસ્ટેલમાં મુકી દેવાઈ છે અને એનો ખર્ચો એની માસીઓ ભાગે પડતો કાઢે છે.

શું આ આખાં કિસ્સામાં ફક્ત પેલી દિકરીનો જ વાંક હતો જે વિધર્મીને પરણી? ના, પોતાનો ધર્મ પાળવામાં વ્યસ્ત માતા પિતા પણ ક્યાંક ચુક્યાં હતાં. પહેલાં તો એમણે એ ના જોયું કે એમની દિકરી કોને ત્યાં કામ કરે છે? પછી એ ના જોયું કે એને લેવાં-મુકવા આવતો પેલો યુવાન-ધનવાન નબીરો કોણ છે? પોતાની પરવરિશ પર આટલું ગુમાન પણ સારું નહીં, જયારે પેલી દિકરીએ લગ્ન કર્યા ત્યારે ચલો માની લઈએ કે એને સમજાવી હશે એ નહીં માની હોય પણ પછી એની સાથે સંબંધ તોડીને એને એકલી પાડી દેવાને બદલે સતત એનું પીઠબળ બની ઉભું રહેવું જોઈતું હતું, માનું છું, મુશ્કેલ છે પણ પોતાની દિકરી ગુમાવવા જેટલું તો નહીં જ.

જો માતાપિતા એ સાથ આપ્યો હોત તો કદાચ પેલી છોકરી પહેલા પતિથી થયેલી બે દિકરીઓ સાથે પરત આવી હોત અને નવેસરથી પોતાનું જીવન સંવારી શકી હોત પણ એવું ના થયું અને તે વગર લગ્ને હજું બીજાં બે બાળકોની મા બની. જે વ્યક્તિને તેણે પ્રેમ કર્યો એણે એને તરછોડી એ દુઃખ જેવું તેવું તો નહીં જ હોય ઉપરથી માતાપિતા એ પણ સંબંધ તોડ્યો, કેવીરીતે એ ટકી હશે એક એવી વ્યક્તિ નાં ઘરે જે એનો પતિ નહોતો છતાં એને ભોગવતો હતો અને ઉપરથી એ એની જ સૌતનનો ભાઈ હતો.

સ્વર્ગની અપ્સરા જેવી દેખાતી એ છોકરી નરક જેવી જીંદગી જીવી ગઈ.

મા - બાપ, ચાર બહેનો અને ચાર જીજાજી, કોઈનું રૂંવાડુ ના ફરક્યું આટલાં વર્ષો સુધી, જાણે આખાયે પ્રકરણની જવાબદારી એની એકલીની જ હતી.

કદાચ એ પાપનાં પ્રાયશ્ચિત માટે જ ઈશ્વરે હવે એમને બબ્બે દિકરીઓની જવાબદારી સોંપી છે.

ઘણીવાર ઘરનું વધું પડતું રૂઢિચુસ્ત કે વધું પડતું મોર્ડન વાતાવરણ પણ બાળકોને ન કરવાનું કરવાં પ્રેરે છે, પોતાના સ્માર્ટ બાળકોથી અંજાઈ જતાં માતાપિતા બાળકોને છૂટો દોર આપે એવું પણ બને છે, બાળકો સાથે સતત દોસ્તી કરી એમનાં કાનમાં સતત સાચી વાત અલગ અલગ રીતે નાંખ્યા કરવાની કળા આત્મસાત કરવી એ આજનાં સમયનાં બાળ ઉછેર નું એક મહત્વનું પાસું છે જે અપનાવવું રહ્યું.

ધાર્મિક હોવું સારી વાત છે પણ એટલું નહીં કે આપણાં બાળકો શું કરે છે એ જોવાનું ભુલી જઈએ અને એમને સાચાં - ખોટાં, સારાં - ખરાબની સમજણ આપવાનું કામ બાકી રહી જાય.

સમાજથી ડરવું એક હદ સુધી ઠીક છે પણ એટલું નહીં કે આપણે આપણી વ્હાલસોઈ વ્યક્તિ ગુમાવી દઈએ.

સ્વભાવથી નરમ અને સહનશીલ એટલું પણ ના બનાય કે દિકરીનાં પતિને બોચીએથી પકડીને એનાં બિનજવાબદાર વર્તન માટે જવાબ ના માંગી શકીએ.

અને હા, દિકરીનાં સારાં કે ખોટાં કોઈ પણ નિર્ણયમાં એનો સાથ તો ના જ છોડાય એ યાદ રાખવું પડે.

દિકરી હંમેશા લાશ બનીને સુટકેસમાં નથી આવતી, ક્યારેક એનાં લાશ જેવાં શરીરને આપણે જાતે દાહ દેવો પડે છે.

આત્મમંથન અનિવાર્ય એવું કહેવું પડશે?

# ૮૫ ડેમેજ રૂમોને પાડવા બહાલી અપાઈ

## રાજકોટ જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિની બેઠક યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૯



જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન ધર્મેન્દ્રભાઇ ટીલાળાના અધ્યક્ષ સ્થાને સોમવારે બેઠક યોજવામાં આવી હતી. શિક્ષણમાં ગુણવત્તા સુધાર અંગે સૂચનો કરેલ હતા. ગત મિટિંગમાં થયેલ કાર્યવાહી નોંધને તમામ સભ્યો દ્વારા બહાલી આપવામાં આવી.

જેમાં ૮૫ ડેમેજ રૂમોને પાડવા માટેની બહાલી આપવામાં આવેલ હતી. તેમજ વિવિધ ગ્રામપંચાયતો તરફથી એસ.એમ.સી. મારફત આવેલ જૂના રૂમોની માંગણી કરવામાં આવેલ તે રૂમો સોંપવાની પણ સર્વાનુમતે બહાલી આપવામાં આવી. પ્રતિભાશોધ યોજના અંતર્ગત ઉચ્ચ પ્રાથમિક શાળાના ૨૦૩૨ બાળકો પૈકી તાલુકા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે અનુક્રમે ૩૦૦૦, ૨૦૦૦ અને ૧૦૦૦ પુરસ્કારની રકમ મંજૂર કરેલ હતી. બાકીના તમામ વિદ્યાર્થીઓને ૪૫૦ લેખે પુરસ્કાર આપવામાં આવેલ જેને બહાલી આપવામાં આવી. તેમજ શાળાની ભૌતિક સુવિધા માટે બજેટમાં થયેલ જોગવાઇ અનુસાર ખર્ચ કરવા બહાલી આપવામાં આવી.

આજની આ બેઠકમાં જે ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં કન્યાની સંખ્યા વધુ હોય તે શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓ માટે સેનેટરી નેપકીન અને વેન્ડીંગ મશીન આપવા માટે ઠરાવ કરવામાં આવેલ. આ બેઠકમાં દક્ષાબેન રાદડીયા, રાજેશભાઇ ડાંગર, મનોજભાઇ પેઢડીયા, ખોડાભાઇ ખસીયા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકની કાર્યવાહી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બી.એસ. કૈલા દ્વારા કરવામાં આવેલ હતી.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૦માં ‘વંદે ગુજરાત વિકાસ યાત્રા’ કાર્યક્રમ યોજાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૯

ભારતની આઝાદીના ૭૫ વર્ષ નિમિતે સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લા ૨૦ વર્ષમાં થયેલ વિકાસ કામોની વિગતો લોકો સુધી પહોંચાડવાના પ્રયાસરૂપે, રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં વંદે ગુજરાત વિકાસ યાત્રા કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેના અનુસંધાને મહાનગરપાલિકા દ્વારા તા.૧૭ જૂલાઈના રોજ સવારે ૯:૩૦ કલાકે વોર્ડ નં.૧૦ માં વંદે ગુજરાત યાત્રા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે મેયર ડો. પ્રદિપ ડવ, વોર્ડ નં.૯નાં કોર્પોરેટરઓ નીરૂભા વાઘેલા, ચેતનભાઈ સુરેજા, ડો. રાજેશ્રીબેન ડોડીયા, જ્યોત્સનાબેન ટીલાળા, વોર્ડ પ્રભારી પ્રવીણભાઈ મારૂ, વોર્ડ પ્રમુખ રજનીભાઈ ગોલ, વોર્ડ મહામંત્રી હરેશભાઈ કાનાણી, પરેશભાઈ તન્ના, શહેર ભાજપ ઉપપ્રમુખ પરેશભાઈ હુંબલ, શિક્ષણ સમિતિ સદસ્ય સંગીતાબેન છાયા, મહિલા ભાજપ અગ્રણી કાશ્મીરાબેન નથવાણી તેમજ વોર્ડ નં.૧૦નાં ભાજપના તમામ કાર્યકર્તા ભાઈઓ તથા બહેનો અને મહાનગરપાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફકત રૂ.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# જય ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ અદાણી પાવર પ્લાન્ટની મુલાકાત લીધી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૯



જીનિયસ ગ્રુપની જય ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા તાજેતરમાં ધોરણ ૧૦ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે અદાણી ફાઉન્ડેશન અને રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા આયોજીત ઉડાન કાર્યક્રમ અંતર્ગત અદાણી ગ્રુપ સાથે થવા જઈ રહેલ એમ.ઓ.યુ ના ભાગરુપે કચ્છના મુન્દ્રા સ્થિત અદાણી પાવર પ્લાન્ટ, અદાણી પોર્ટ અને અદાણી વિલ્મર ફેક્ટરીની ઔધોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ અદાણી પોર્ટ પર જહાજો કેવી રીતે આવે છે અને તેની કાનૂની પ્રક્રિયા શું છે તે વિશે જાણ્યું હતું. આ ઉપરાંત ભારત કયા દેશો સાથે અને કયો માલ આયાત અને નિકાસ કરે છે તે વિશે પોર્ટના સુપરવાઈઝરે માહિતી આપી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ ખાનગી ક્ષેત્રમાં ભારતના સૌથી મોટા પાવર પ્લાન્ટ એવા અદાણી પાવર પ્લાન્ટની મુલાકાત લીધી હતી. તેમજ અદાણી વિલ્મર ફેક્ટરી આઉટલેટની પણ મુલાકાત લીધી હતી.

આ ઔદ્યોગિક મુલાકાતના સફળ આયોજન માટે સંસ્થાના ચેરમેન ડી. વી. મહેતા, સીઇઓ ડિમ્પલબેન મહેતા, જય ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સિપાલ જોઈતા રે ચૌધરી અને જય ઈન્ટરનેશનલ સ્કૂલના વાઈસ પ્રિન્સિપાલ ચાર્મી સેદાણીના માર્ગદર્શનમાં કૃપા દવે, નવનિત ઠકરાર, ધારા મુલેશિયા, પ્રજ્ઞા દવે અને સિધ્ધાર્થ સામાણી દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ભાડા કરારની મુદત પુરી થતા મકાન ખાલી કરવા હુકમ કરતી કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૯


એડવોકેટઃ કેતન સિંધવા

આ કેસની હકીકત મુજબ રાજકોટનાં હાલ સ્વપ્નલોક રેસીડેન્સી, રામાપીર ચોકડી પાસે રહેતા હિતેન્દ્રભાઇ શુકલ કે જેઓ માર્ગ-મકાન વિભાગનાં નિવૃત કર્મચારી છે અને તેમની માલીકીનું ૧ સરકારી કર્મચારી કો.ઓ.હા.સો.લી. માં બ્લોક નં.૮૨ વાળું રહેણાંકનું મકાન ભાડુત હરીશભાઇ ઉર્ફે હરીશચંદ્ર શામજીભાઇ ચૌહાણે તા.૧/૭/૨૦૧૩ થી તા.૩૧/૫/૨૦૧૪ સુધી ૧૧ માસના સમયગાળા માટે ભાડે રાખેલ અને ૧૧ માસની મુદત પુરી થયા બાદ પણ નોટીસ આપી લેખિત માંગણી કરવા છતાં ભાડુતે ભાડાવાળી જગ્યાનો કબ્જો મકાન માલીકને ન સોંપતા, મકાન માલીકે રાજકોટની સિવિલ કોર્ટમાં મકાનનો કબ્જો મેળવવા અને ભાડુઆતનો કબ્જો ગેરકાયદેસર ઠરાવવા દાવો દાખલ કરેલ અને અદાલતે પુરાવા નોંધીને મકાન માલીકનો દાવો મંજુર કરી ભાડુઆતનો ભાડા કરારની મુદત પછીનો કબ્જો ગેરકાયદેસર ઠરાવી દિવસ-૧૫ માં ભાડાવાળી જગ્યા ખાલી કરવાનો હુકમ કોર્ટ ફરમાવેલ છે.

આ કેસમાં મકાન માલીક તરફે આ ધારાશાસ્ત્રી કેતન એન. સિંધવા તથા રામકુભાઇ કાઠી રોકાયેલ હતા.

# ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં એલ્યુમિની એસો.ની સામાન્ય સભા યોજાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૧૯

ધર્મેન્દ્રસિંહજી કોલેજ ખાતે એલ્યુમિની એસોસિએશનની સામાન્ય સભા ગઈકાલે તા.૧૭ને રવિવારના રોજ ધર્મેન્દ્રસિંહજી કોલેજના ઓડીટોરીયમ ખાતે આચાર્ય ડો. એ.એસ. રાઠોડની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. જેનો પ્રારંભ દીપ પ્રાગટય અને સમૂહ પ્રાર્થના દ્વારા કરવામાં આવેલ હતો.

આ પ્રસંગે મહેમાનોનું શાબ્દીક સ્વાગત તથા કોલેજના ભવ્ય ઈતિહાસ, એલ્યુમિની એસોસિએશનના રજીસ્ટ્રેશન, મંડળની ભાવી યોજના સંદર્ભે મંડળના મહામંત્રી પ્રા. એ.આર. પુંજાણી દ્વારા વકતવ્ય આપવામાં આવ્યું હતું. આચાર્ય દ્વારા કોલેજના સમગ્ર વિકાસ સંદર્ભે પ્રસંગોચિત ઉદબોધન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સૌરાષ્ટ્રની જુની અને નામાંકિત કોલેજના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં વ્યાસભાઈ, મહેતાભાઈ, ડો. મુકેશ તન્ના, ગૌતમભાઈ દવે, અતુલભાઈ ત્રિવેદી દ્વારા પોતાના વિચારો રજુ કરી સંસ્થાના વિકાસ અર્થે સૂચનો આપવામાં આવેલ હતા. આ બેઠકમાં કોલેજના વિકાસ અર્થે ગહન વિચાર વિમર્શ સાથે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં કોલેજ પ્રત્યેની નિષ્ઠા, લાગણી અને કોલેજના વિકાસ માટેની પ્રતિબધ્ધતા જોવા મળી હતી. કાર્યક્રમના અંતે ડો. જે.એસ. ઉપાધ્યાય દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સુચારૂ સંચાલન ડો. નેહલ જાની દ્વારા કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ડો.એસ. આર. ભારદ્વાજ, ડો. બી.બી. કાછડીયા, પ્રા. રીતેશ પટેલ, ડો. હર્ષિદા જગોદડીયા, ડો. હેમલ વ્યાસ, ડો. માલતી પાંડે, ડો. ફારૂક ખાન, ડો. કેતન બુહા, ડો. હાર્દિક ગોહિલ, ડો. જીગ્નેશ કાચા, સહિતનાએ જહેમત ઉઠાવી હતી.

## સાથિયા યે તુને ક્યા કિયા, બેલીયા યે તુને ક્યા કિયા....જાને યે ક્યાં હો ગયા......

# ખાસ બ્રાન્ચે જ્યાં ૧૨ લાખનો તોડ કર્યો તો' ત્યાં સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડી ૭ની ધરપકડ કરતા ખળભળાટ

### જ્યા તોડ થયો હતો તે વિસ્તાર રાજકોટ રૂરલનો હતોઃ ઉચ્ચ અધિકારીઓ બનાવને ગંભીરતાથી લઇને પગલા લેશે??

### સમગ્ર કૌભાંડ છેલ્લા ઘણા સમયથી ચાલતુ હતું તેની જાણ રાજકોટ શહેર પોલીસને હતી, શું સ્થાનિક પોલીસ કે રૂરલ એલસીબીને કંઇ જાણ જ ન હતી??

### હવે પો.કમિશનર અને રૂરલ એસપી દ્વારા શું કાર્યવાહી કરાશે તેના પર સૌની નજર...

### સૌરાષ્ટ્ર ક્રાંતીએ તાજેતરમાં અહેવાલ પ્રસિધ્ધ કર્યો હતો કે રાજકોટ રૂરલ વિસ્તારમાં ગેસ રીફીલિંગ કરવામાં આવે છે અને ત્યાં શહેર પોલીસ દ્વારા તોડ કરવામાં આવ્યો હતો !


તુને ઓ રંગીલે કૈસા જાદુ કિયા, બાહોં મેં છુપાકે યે ક્યા કિયા...

'ખાસ' વહીવટની કાબેલીયત માટે (બદ)નામ ખાસ બ્રાન્ચની મલાઈદાર રેડની શહેરભરમાં જાગતી ચર્ચા

ગેસ બાટલા રીફીલિંગ કરતા એક યુનિટ પર ત્રાટકીને છાનેખૂણે રૂ.૧૨ લાખનો તોડ કર્યાની જબરી ચર્ચા પણ અંદરો અંદર ટાંટિયા ખેંચ થઇ જતા પ્રકરણ થઇ ગયું છતું...!!

ચાર- પાંચ દિવસ પહેલા જ તોડ કરીને વિજય મળ્યાનો ઓડકાર ખાધો ત્યાં તો અપચો થઇ ગયો

અનેક વખત વિવાદો અને ચર્ચાના એરણે ચડી ચુકેલી રાજકોટનગરની ખાસ બ્રાન્ચની રંગતભરી કામગીરી અંગે સમગ્ર બેડામાં ફરી એકવખત જોરશોરથી ચર્ચા ચાલુ

ગત તારીખ ૧૪ ને ૧૫માં સૌરાષ્ટ્ર ક્રાંતીએ પ્રસિધ્ધ કરેલ અહેવાલો...


ખાસ બ્રાન્ચે કરેલ મલાઈદાર રેડનો વિસ્તાર રાજકોટ રૂરલનો?? તપાસનો વિષય

ગેસ બાટલા રીફીલિંગ કરતા એક યુનિટ પર ત્રાટકીને છાનેખૂણે રૂ.૧૨ લાખનો તોડ કર્યાની જબરી ચર્ચાઓ થતા પ્રકરણ સગેવગે કરવા મથામણ

તોડકાંડ ઉચ્ચ અધિકારીઓની જાણમાં કે જાણ બહાર???

### પડધરી પોલીસ, રાજકોટ રૂરલ તેમજ શહેર પોલીસની ભૂડી ભૂમીકાને ઉઘાડી પાડી દેતી સ્ટેટ મોનિટરીંગ

### રાજકોટ રૂરલના વિસ્તારમાં શહેર પોલીસે તોડ કર્યાની જોરશોથી ચર્ચા છતાં એસપી સહિતના અધિકારીઓ અંધારામાંઃ આખરે વિજલન્સની ટીમે દરોડો પાડી દીધો









**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ચર્ચા અને વિવાદોનાં એરણે ચડેલી ખાસ બ્રાંચ, રાજકોટ રૂરલ પોલીસ અને પડધરી પોલીસને મોટો આંચકો લાગે એવી ઘટનામાં ગુજરાતનાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ દ્વારા અચાનક ખાસ બ્રાન્ચના તોડકાંડની જગ્યાએ જ દરોડો પાડી ગેસ રીફીલિંગ કૌભાંડ બારામાં ૭ શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી છે અને સ્ટેટ સેલનાં અચાનક આગમનથી શહેર પોલીસમાં ભૂકંપ જેવી ઉથલ- પાથલ સર્જાઈ ગઈ છે. અનેક સવાલોની વણઝાર પણ સાથે- સાથે શરૂ થઇ ગઈ છે. કેમકે રાજકોટ પોલીસની ખાસ બ્રાન્ચ દ્વારા જે વિસ્તારમાં રૂ.૧૨ લાખનો તોડ કર્યાની ચર્ચા થઇ છે એ વિસ્તાર રાજકોટ રૂરલ પોલીસનાં અધિકાર ક્ષેત્રમાં આવતો વિસ્તાર છે. એ વિસ્તારમાં જઈને ખાસ બ્રાંચ તોડ કરે અને સ્થાનિક પોલીસ કે રૂરલ એલસીબીને પણ જાણ ન થાય એ સવાલ સર્વત્ર ચર્ચાઈ રહ્યો છે. આ બનાવની ગંભીરતાને જોતા મોનીટરીંગ સેલનાં દરોડા બાદ પડધરી પોલીસ, રાજકોટ રૂરલ અને શહેર પોલીસની ભૂંડી ભૂમિકા સેલનાં દરોડાને પગલે ઉઘાડી પડી ગઈ છે તો હવે રૂરલ એસપી અને સીપી કોઈ પગલા લ્યે છે કે, કેમ તેના પર સહુની નજર મંડાઈ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, રાજકોટ રૂરલ વિસ્તારમાં ગેસ રીફીલિંગ થાય છે અને ત્યાં જઈને ખાસ બ્રાન્ચની ટીમ દ્વારા મસમોટો તોડ કરી લેવાયો છે એ કારનામાંનો પર્દાફાશ કરતો અહેવાલ સૌરાષ્ટ્ર ક્રાંતી એ જ સૌપ્રથમ પ્રગટ કર્યો હતો. સ્ટેટ સેલનાં દરોડા એ હવે આખા મામલાને ગંભીર વળાંક આવી દીધો છે. ખાસ બ્રાન્ચ અને સ્થાનિક ગ્રામ્ય પોલીસે જે કૌભાંડ પર પડદો પાડી દીધો એ પડદો સ્ટેટ સેલ દ્વારા ચીરી નાખવામાં આવતા સ્વાભાવિક રીતે જ સમગ્ર બેડામાં ખળભળાટ મચી ગયો છે અને લાગતાવળગતા સહુ મોઢા છુપાવી રહ્યા છે અને ઉંચા- નીચા થઇ ગયા છે.

બનાવની વિગત જોઇએ તો ગઇકાલે રાત્રે જામનગર રાજકોટ હાઇ-વે રંગપર ગામના પાટિયાની સામે જવાહર નવોદય વિદ્યાલયની પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં ગેસ રીફીલિંગનું કૌભાડ ચાલતુ હોવાની બાતમી સ્ટેટ મોનીટરીંગ સેલને મળતા એસઆરપીની ટીમો સાથે રાખીને રેડ કરવામાં આવી હતી. રેઇડ દરમ્યાન ગેસ ભરેલુ ટેન્કર, બોલેરો અને સ્વિફ્ટ કાર, રોક્ડ, મોબાઇલ, ૨૪ ગેસ સિલીન્ડર, નોજલ અને વાલ્વ સહિત કુલ ૪૯,૪૬,૧૭૦નો મુદામાલ કબજે કરીને દીનેશ સવાભાઇ ખાંભરા, સાગર મનુભાઇ ગોહેલ, સીંધાભાઇ હિરાભાઇ વરૂ, મુકેશ રામરાજ ગૃપ્તા, મહેશ નાથાલાલ ચાવડા, ગોરધન દિનેશભાઇ ડાભી, સીંધાભાઇ નાગજીભાઇ ભુંડીયા એમ કુલ ૭ આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને મુખ્ય સુત્રધાર દિનેશ ફાંગલીયાની શોધખોળ આદરી છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે મુકેશ ગૃપ્તા ગેસ ટેન્કરનો ડ્રાઇવર છે જેને મુખ્ય આરોપી દિનેશ, મનુ અને સીંધાભાઇ દ્વારા ગેસ ટેન્કર માંથી સિલ્ડનર ભરવા માટેના સિલ્ડર દિઠ ૧૨૦૦ રૂપિયા આપતા હોવાનું ખુલ્યુ છે તેમજ મહેશ નાથાલાલ ચાવડા, ગોરધન દિનેશભાઇ ડાભી, સીંધાભાઇ નાગજીભાઇ ભુંડીયા દ્વારા ગેસ ટેન્કર માંથી ગેસ કાઢી બાટલા ભરવા અને બાટલાને ડીલવરી કરવાના મજુરી કામે રાખવામાં આવ્યા હતા સમગ્ર કૌભાડમાં મુખ્ય આરોપીઓ દીનેશ સવાભાઇ ખાંભરા, સાગર મનુભાઇ ગોહેલ, સીંધાભાઇ હિરાભાઇ વરૂ, તેમજ દિનેશ ફાંગલીયા કે જેને જગ્યા ભાડે આપી હોવાનું ખુલ્યું હતું.

સમગ્ર મુદામાલ તેમજ આરોપીને સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા સ્થાનિક પોલીસ સ્ટેશન એટલે પડધરી પોલીસને સોંપવામાં આવી પંચનામું કરવામાં આવ્યુ હતું.

સવાલ તો એ છે કે સૌરાષ્ટ્ર ક્રાંતીએ તાજેતરમાં જ લેખ પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો કે ગેસ બાટલા રીફીલિંગ કરતા એક યુનિટ પર ત્રાટકીને છાનેખૂણે રૂ.૧૨ લાખનો તોડ કર્યાની જબરી ચર્ચા થઇ રહી હતી. સમગ્ર વિસ્તારતો રાજકોટ રૂરલનો હતો તેમાં શહેર પોલીસનો ખાસ બ્રાન્ચ જઇ કંઇ રીતે વહીવટ કરી શકે છતાં કરવામાં આવ્યો હતો અને આ વિસ્તાર રાજકોટ રૂરલનો છે તે પણ પ્રસિધ્ધ કરાયા પછી પણ રૂરલ પોલીસ ઘોર નિંદ્રામાં રહેતા આજે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડા પાડીને છતુ કરી દીધું છે. શું પડધરી પોલીસને આ અંગે કંઇ જાણ જ ન હતી કે જાણ હોવા છતાં આખમિંચાણા કરવામાં આવતા હતા તે તપાસનો વિષય છે. અને રાજકોટ રૂરલના વિસ્તારમાં જઇને તોડ કરવા બદલ ખાસ બ્રાન્ચોની ટીમ સામે પો.કમિશનર તપાસના આદેશો આપશે કે ભીનું સંકેલી લેશે ઉપરાંત રૂરલ એસપી કોઇ કડક કાર્યવાહી કરીને બોધ પાઠ બેસાડશે તે આગામી સમયમાં જોવાનું રહ્યું!

---

તા.૨૭ના રોજ યોજાનાર કાર્યક્રમ અંગે બેઠક યોજાઇ

# 'સ્વનિધિ મહોત્સવ': શેરી ફેરિયાઓ માટે કાર્યક્રમોની રૂપરેખા તૈયાર

### શેરી ફેરિયાઓને વ્યવસાય માટે બેંક લોન આપવા 'પીએમ સ્વનિધિ' યોજનાનું મનપા દ્વારા અમલીકરણ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ તા.૧૯

ભારતની આઝાદીના ૭૫માં વર્ષે તેના સુવર્ણ ઇતિહાસ, સંસ્કૃતિ અને સિદ્ધિઓની ઉજવણીના ભાગરૂપે આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવી રહ્યું છે. શેરી ફેરિયાઓ એ ભારતના આર્થિક વિકાસ માટેનો એક જરૂરી ભાગ છે. જેથી, કેન્દ્ર સરકાર દ્વારા રાજકોટ સહિત દેશના ૭૫ શહેરોમાં 'સ્વનિધિ મહોત્સવ'નું આયોજન કરવામાં આવેલ છે, જેમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. આ આયોજન અંગે વિસ્તૃત પરામર્શ કરવા માટે મેયર ડો. પ્રદિપ ડવનાં અધ્યક્ષ સ્થાને એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

મેયર ડો. પ્રદિપ ડવે એમ જણાવ્યું હતું કે, શેરી ફેરિયાઓને વ્યવસાય માટે બેંક લોન આપવા માટે કેન્દ્ર સરકારની 'પીએમસ્વનિધિ યોજના'નું રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અમલીકરણ કરવામાં આવી રહયું છે. આ યોજનાથી લાભાન્વિત થયેલ લાભાર્થીઓને ઓળખી તેઓની નાણાંકીય શિસ્ત અનુસાર તેઓને સન્માનિત કરવા તેમજ અન્ય લાભાર્થીઓને 'પીએમસ્વનિધિ' અને "DAY-NULM''ના લાભાર્થીઓ માટે લોન મેળાનું આયોજન તેમજ શેરી ફેરિયાઓના પરિવારજનો માટે સાંસ્કૃતિક કાર્યક્રમો અને વિવિધ હરિફાઈ સહિતના કાર્યક્રમો યોજવામાં આવનાર છે. મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ 'સ્વનિધિ મહોત્સવ' અંતર્ગત તા.૨૭/૭ના રોજ યોજાનાર એક મુખ્ય કાર્યક્રમ તેમજ એ પહેલાના દિવસોમાં યોજાનાર અન્ય વિવિધ કાર્યક્રમોના સફળ સંચાલન માટે રચવામાં આવેલી વિવિધ સમિતિઓની જવાબદારીઓ અંગે છણાવટ કરી હતી અને તેમાં જુદીજુદી સમિતિઓને જરૂરી સૂચનાઓ પણ આપી હતી. આ પૂર્વે સહાયક કમિશનર એચ.આર.પટેલે સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી, અને મિટિંગની કાર્યવાહીનું સંચાલન પ્રોજેક્ટ શાખાના ઇન્ચાર્જ આસીસ્ટન્ટ મેનેજર દીપ્તિબેન આગરીયાએ કર્યું હતું. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

---

રસ્તા પર ફૂલ વેચનાર ૩૯ લોકો દ્વારા ફલાવર માર્કેટમાં થડો લેવા અરજી

# આવતીકાલે ફલાવર માર્કેટના ૮૩ થડાઓનો ડ્રો




### સવારે ૧૧ કલાકે સ્થાયી સમિતિ મિટિંગમાં લાભાર્થીઓની ઉપસ્થિતીમાં યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મેયર ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ.કમિશનર અમિત અરોરા, માર્કેટ સમિતિ ચેરમેન દેવુબેન જાદવની યાદીમાં જણાવે છે કે, રસ્તા પર બેસી ફેરિયાઓ ફૂલ વેચાણ કરતા હોય છે. ફૂલનું વેચાણ કરતા આવા ફેરિયાઓને વેચાણ માટેની સુવિધા મળે તે માટે મનપા દ્વારા રામનાથપરા વિસ્તારમાં નવી ફલાવર માર્કેટનું નિર્માણ કરવામાં આવેલ છે. માર્કેટમાં કુલ ૮૩ થડાઓ બનાવવામાં આવેલ છે. થડાઓ હાલ રસ્તા પર બેસી ફલાવરનો ધંધો કરતા વેન્ડર્સને ફાળવવામાં આવનાર છે. આ કામે મનપા દ્વારા જુદા-જુદા સમયે રામનાથપરા, બેડીપરા તથા પારેવડી ચોક વિસ્તારમાં વેન્ડર્સનો સર્વે કરી યાદી તૈયાર કરવામાં આવેલ છે. આ કામે ત્રણ સર્વે પૈકી કોઈ પણ એક સર્વેમાં જે વેન્ડર નોંધાયેલ હશે તેઓને જાહેર ડ્રોથી થડાની ફાળવણી કરવામાં આવશે. સર્વેની યાદી એસ્ટેટ વિભાગ ખાતે જાહેર કરવામાં આવેલ છે.

ઉપરોક્ત ૮૩ થડા પૈકી રસ્તા પર બેસી ફૂલ વેચાણનો ધંધો કરતા કુલ ૩૯ લોકોએ ફલાવર માર્કેટમાં થડો લેવા માટે અરજી કરેલ છે. જેમાં, C કેટેગરીમાં ૩૭ અરજીઓ આવેલ છે અને B કેટેગરીમાં ૨ લાભાર્થીઓએ અરજી કરેલ છે. આવા લાભાર્થી માટે આવતીકાલે તા.૨૦ને બુધવારે સવારે ૧૧ કલાકે સ્થાયી સમિતિ મિટિંગ રૂમમાં લાભાર્થીઓની ઉપસ્થિતિમાં ડ્રો કરવામાં આવશે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

---

# વીરપુરમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



**(કિશન મોરબીયા દ્વારા)**
વીરપુર, તા.૧૯

સુપ્રસિધ્ધ યાત્રધામ વીરપુરમાં લોહાણા મહાજન વાડી ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. શ્રી વીરપુર (જલારામ) લોહાણા મહાજન તેમજ એસ.જી.હોસ્પિટલ ગોંડલના સહયોગથી જલારામધામ વીરપુરમાં લોહાણા મહાજનવાડીમાં કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં એસ.જી.હોસ્પિટલ - ગોંડલના વિવિધ રોગના નિષ્ણાંત ડોક્ટરો દ્વારાસેવા આપવામાં આવી હતી. આ સર્વરોગ નિદાન કેમ્પમાં અસ્થમા, છાતી, ચામડી, આંખ, નાક, કાન, ગળા, દાંત, બી.પી. તેમજ ડાયાબિટીસ જેવા રોગોના નિષ્ણાંત ડોકટરો દ્વારા વિનામૂલ્યે નિદાન કરવામાં આવેલ તેમજ રાહતદરે દવા આપવામાં આવેલ. કેમ્પમાં ૨૫૦ થી વધુ દર્દીઓ એ લાભ લીધેલ હતો.

આ કેમ્પમાં લોહાણા મહાજન સમાજ વીરપુર, એસ.જી. હોસ્પિટલ-ગોંડલ, પાન ફાઉન્ડેસન-ગોંડલ, એચ.વી.બી.ઠકરાર મેમોરિયલ ટ્રસ્ટ, રઘુવંશી યુવક મંડળ

તેમજ વીરપુરના ટ્રસ્ટીઓ, સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

---

# વિજ્ઞાન ગુર્જરી દ્વારા 'સ્ટુડન્ડ વિઇનોવેશન ફેસ્ટીવલ' અંતર્ગત માર્ગ-સલામતિના વિષય પર સેમિનાર યોજાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૯

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક ગાંધીનગર દ્વારા વિજ્ઞાન ગુર્જરી દ્વારા ઉજવાઇ રહેલ સ્ટુડન્ટ વિઇનોવેશન ફેસ્ટીવલ-૨૦૨૨ અંતર્ગત ઇનોવેટીવ પ્રેક્ટિસ ફોર રોડ સેફ્ટી વિષય પર નિષ્ણાતો દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં પ્રિયાંક ત્રિવેદી કે જેઓ માર્ગ સલામતીના રીસર્ચર છે તેમના દ્વારા વિદ્યાર્થીઓને માર્ગ સલામતી માટે શું ધ્યાન રાખવુ, માર્ગ સલામતી તમે કેવી રીતે કેળવી શકો છો, માર્ગ સલામતીમાં નવા સંશોધનો અને માર્ગ સલામતીમાં તમે કેવી રીતે બીજાને મદદ કરી શકો છો તે બાબતનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં અંતિમ વર્ષના ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓએ માર્ગદર્શન મેળવ્યું હતું. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
ADVERSITING HERE
ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટ્યૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઇનના 5 Rs.
+5%GST
મિનીમમ ૫ લાઇન ફરજીયાત
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

Dt.19-07-2022 8
મંગળવાર અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

સરકારે ૧૮ થી ૫૯ વયમાં પ્રિકોશન ડોઝની જાહેરાત કરતા કતારો લાગી

# રસી માટે રઝળપાટ, ૫ દિવસમાં સ્ટોક ખાલી

**રાજકોટમાં રવિવારે માત્ર ૮૦ વ્યક્તિ તો સોમવારે ૧૩૬૮ લોકોને જ થઈ શકયું રસીકરણ, આજે રસી લાવવા તંત્રને દોડધામ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૯

લાંબા સમય બાદ કોરોનાના કેસ ધીમે-ધીમે ફરી વધવા લાગ્યા હોવાથી સરકારે ગત તા.૧૫મીથી ૧૮ થી ૫૯ વર્ષની વયના લોકો માટે ત્રીજા સાવચેતી રૂપ પ્રિકોશન ડોઝની જાહેરાત કરી છે. પણ લોકોની કતારો લાગતા પાંચ દિવસમાં જ રસીનો સ્ટોક ખાલી થઈ જવાથી રસીકરણ કેન્દ્રો પર ધકકા ખાવા પડતા લોકોમાં કચવાટની લાગણી જોવા મળી રહી છે.

રાજકોટ મહાપાલિકા વિસ્તારમાં પણ સરકારની જાહેરાતના

(અનુ.પાના નં.૪ ઉપર)

પાંચ દિવસમાં થયેલું રસીકરણ

| તારીખ | રાજકોટ | ગુજરાત |
|---|---|---|
| તા.૧૪ | ૨૦૯૨ | ૬૫,૮૨૯ |
| તા.૧૫ | ૫,૭૩૦ | ૨,૧૪,૮૦૦ |
| તા.૧૬ | ૫,૪૧૨ | ૧,૭૯,૯૩૧ |
| તા.૧૭ | ૮૦ | ૪૫,૯૧૨ |
| તા.૧૮ | ૧,૩૬૮ | ૬૯,૯૦૪ |

# રોડ-રસ્તા ભુલાયા'ને ટોણા મારવામાં જનરલ બોર્ડ પૂર્ણ!





**વશરામ સાગઠિયાએ સૂચિત સોસાયટીમાં શાળાઓને મંજૂરી ક્યારે આપી તેવો સવાલ કરતા હોબાળોઃ ૨૮ પ્રશ્નને બદલે એક જ પ્રશ્નમાં બોર્ડ પુરૂ!**

**શાસક-વિપક્ષ વચ્ચે બોલાચાલીઃ ભાજપનો ટોણો, વશરામભાઇ તમે ખોટા રસ્તે ગયા છો, તમારા લીધે ફરી ચૂંટણી આવશે**

**નવી ચાર ટી.પી. સ્કીમ બનાવવા સહિતની ૯ દરખાસ્તોમાંથી ૮ મંજુર, એક નામંજુર**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ.તા.૧૯

રાજકોટ મહાનગરપાલિકાની આજે જનરલ બોર્ડની બેઠક મળી હતી. જેમાં શહેરમાં ઠેર-ઠેર ખાડાને કારણે લોકો પરેશાન બની રહ્યા છે તેની રજૂઆત કોરાણે મૂકી વિપક્ષે શાળા અને શિક્ષણ મુદ્દે હોબાળો મચાવ્યો હતો. નગરસેવક વશરામ સાગઠિયાએ સરકારી ખરાબામાં બે સ્કૂલ વર્ષોથી ચાલે છે એવો પ્રશ્ન કર્યો હતો. ત્યારે શાસકે જવાબ આપતા જણાવ્યું હતું કે, તમારા મગજમાં ખરાબો આવી ગયો છે, એકનો એક સવાલ કરો છો.

આજની જનરલ બોર્ડની બેઠકમાં વિપક્ષે શિક્ષણ મુદ્દે પ્રશ્ન પૂછતા હોબાળો થયો હતો અને શાસક અને વિપક્ષ વચ્ચે બોલાચાલી થઈ હતી. જ્યારે શાસકે જણાવ્યું હતું કે, શહેરમાં ખાડા બૂરાય જશે શિક્ષણનું ચલાવો. શાસકે વશરામ સાગઠિયાને શાળા અંગે જવાબ આપ્યો હતો કે, રાજકોટમાં તમે ખોટા રસ્તે ગયા છો, તમારા લીધે ફરી ચૂંટણી આવશે. જોકે લાંબા સમય બાદ શિક્ષણ અંગે પૂછવામાં આવેલા પ્રશ્ન્ મામલે શાસક પક્ષના કોર્પોરેટર અને આપના પ્રતિનિધિ

(અનુ.પાના નં.૪ ઉપર)

## જગ્યા રોકાણ શાખાના અધિકારીઓ ઉપર થયેલ હુમલાના તમામ આરોપીઓ ડિસ્ચાર્જ

**આરોપીએ કરેલ પ્રોસીડિંગ્સ ડ્રોપની અરજી ગ્રાહ્ય રાખતી કોર્ટ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૯

આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરતાં પહેલા જગ્યા રોકાણ શાખાના અધિકારી દ્વારા ઉપરી અધિકારીની પરવાનગી લેવામાં આવેલ ન હોય જેથી આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલ પ્રોસીડિંગ્સ ડ્રોપની અરજી મંજુર કરતાં અધિક જયડિશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, રાજકોટ. આ કેસની મુજબ જયરાજસિંહ ભરતસિંહ જાડેજાએ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ કે અમો તથા અમારી સાથે ઈસ્ટ ઝોનના ઈન્ચાર્જ સાધાભાઈ જીલરીયા, વેસ્ટ ઝોનના ઈન્ચાર્જ તથા સેન્ટ્રલ ઝોનનાં ઈન્ચાર્જ ઘનશ્યામસિંહ જાડેજા તથા એસ.આર.પી.ના સ્ટાફ દ્વારા રામાધણીની બાજુમાં ગોવિંદ રત્નમ બંગ્લોઝ વાળી જગ્યા પર રોકાણ અધિકારી બી.બી. જાડેજાના આદેશથી દબાણ હટાવવા આવેલ તે સમયે પાથરણવાળાઓ આરોપી જીવીબેન ઉઘરેજા, જગદીશભાઈ જસમતભાઈ ભાલાળા, રાજુભાઈ ઉઘરેજા, સંજયભાઈ ઉઘરેજા તથા રાધાબેન ડાંગરેચીયાએ અમો તથા અમારા સ્ટાફના માણસો સાથે ગાળાગાળી કરી, બળજબરી કરી તથા પથ્થર વડે તથા પાથરણાની છત્રી, પાઈપ વડે હુમલો કરેલ જેથી આરોપીઓ વિરૂધ્ધ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાતા ગુન્હો આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ. ત્યારબાદ તેઓની સામે રાજકોટના એડિશનલ જયુડિશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાર્જશીટ પોલીસ દ્વારા ફાઈલ કરવામાં આવેલ હતી.

આરોપીઓના એડવોકેટ દ્વારા ચાર્જ ફ્રેમ પહેલા પ્રોસીડિંગ્સ ડ્રોપની અરજી આપવામાં આવેલ અને એડવોકેટ દલીલ કરવામાં આવેલ કે, હાલના આરોપીઓ સામે ફરિયાદી કોર્ટમાં કોઈ લેખિત ફરિયાદ કરેલ ન હોય જેથી કોગ્નીઝન્સ લઈ શકાય તેમ ન હોય તેમજ ફરિયાદીએ તેમની ઉપલા અધિકારીની પરવાનગી લીધેલ ન હોય જેથી આ કામનાં આરોપીઓ સામે ચાર્જશીટમાં દર્શાવેલ કલમો માંથી ઉપરોકત ગુન્હાના કામે પ્રોસીડિંગ્સ ડ્રોપ કરી નિર્દોષ જાહેર કરી છોડી અરજ કરેલ હતી. જેથી કોર્ટે તમામ આરોપીઓ સામે પ્રોસીડિંગ્સ પડતા મુકવાનો હુકમ કરવામાં આવેલ અને આરોપીઓને નિર્દોર્ષ ઠરાવી છોડી મુકાવનો હુકમ કરવામાં આવેલ હતો. આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ સ્તવન જી. મહેતા, ડી.બી. બગડા, નિકુંજ શુકલા, કૃશન ગોર, બ્રિજેશ ચૌહાણ તથા ત્રિશુલ પાનસુબિયા રોકાયેલ.

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**
**મો.9429787729**
**email:-saurashtrakranti@gmail.com**



રાજકોટઃ સામાકાંઠે સદગુરૂ-૨માં ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા મહાનગરપાલિકાની ટી.પી. શાખા દ્વારા નોટીસ આપવામાં આવી હતી. કયાં કારણોસર હજુ સુધી ગેરકાયદેસર બાંધકામ તોડી નથી પડાયું તેની ચર્ચાઓ થઇ રહી છે.

## રાજકોટમાં કોર્પોરેટરના પતિએ એન.ઓ.સી માટે રૂ.૧ લાખ માંગી મકાનમાલિકને ધમકાવ્યો

**કોર્પોરેટરના પતિ વોર્ડના પ્રમુખ હોય મામલો પ્રદેશ ભાજપ સુધી પહોંચતા ખળભળાટ**



**ઘનશ્યામભાઈને રૂબરૂ બોલાવેલા છે તપાસ કરશું બાદમાં કાર્યવાહી કરાશેઃ શહેર ભાજપ પ્રમુખ મિરાણી**

શહેરના વોર્ડ નં. ૬ના ભાજપના કોર્પોરેટરના પતિએ પૈસા વસૂલવા માટે મકાનમાલિકને ગાળો પણ ભાંડી હતી. આ અંગેનો ઓડીયો ફરતો થતાં ચકચાર મચી ગઇ છે. ત્યારે આ અંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમેલશ મિરાણીને પૂછતાં તેઓએ જણાવ્યું હતું કે સમગ્ર મામલાને તપાસ કરવામાં આવશે આ માટે ઘનશ્યામભાઇને બોલાવવામાં આવ્યા છે. સમગ્ર મેટર જાણીને પછી આગળની કાર્યવાહી કરવામાં આવશે.



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ.તા.૧૯

શહેરના ઉપલાકાંઠા વિસ્તારના સંતકબીર રોડ પરની ભોજલરામ સોસાયટીમાં રહેતા દીપક જયંતીભાઇ ટુડિયા નામના યુવકે ભોજલરામ સોસાયટીમાં આવેલું પોતાનું મકાન રૂ.૪૫ લાખમાં વેચવાનો સોદો નક્કી કર્યો હતો, મકાન ખરીદનારે સોસાયટીનું એનઓસી માગતા દીપક ટુડિયા સોસાયટીના પ્રમુખ ઘનશ્યામ હમીરભાઇ કુંગશિયા પાસે પહોંચ્યો હતો, ઘનશ્યામ વોર્ડ નં. ૬નો ભાજપનો પ્રમુખ છે અને તેના પત્ની મંજુબેન આ વોર્ડના જ કોર્પોરેટર છે, દીપક ટુડિયાએ આક્ષેપ કર્યો હતો કે, ભાજપના આગેવાન ઘનશ્યામ કુંગશિયાએ મને પૂછ્યા વગર મકાન કેમ વેચ્યું તેમ કહી એનઓસી જોઇતું હોય તો દલાલીના ૨ ટકા એટલે કે રૂ.૯૦ હજાર અને સોસાયટીના હોલમાં ૧૦ પંખા નખાવી દેવાના તેના રૂ.૨૦ હજાર મળી રૂ.૧.૧૦ લાખની માંગ કરી હતી, ઘનશ્યામ કુંગશિયાએ ધમકાવતા ડરી ગયેલા દીપકે જેતે સમયે પૈસા આપવાનો વાયદો કર્યો હતો અને ઘનશ્યામે પોતાના બચાવ માટે દીપકને ધમકાવીને સાદા કાગળમાં દલાલીના રૂપિયા આપવાના છે તેવું લખાણ પણ લખાવી લીધું હતું. સોસાયટીનું એનઓસી મળી જતાં મકાન વેચાઇ ગયું હતું, પરંતુ દીપકે પૈસા નહીં ચૂકવતા ભાજપના આગેવાન ઘનશ્યામે નાણાંની પઠાણી ઉઘરાણી શરૂ કરી હતી અને દીપકને અનેક ફોન કરી પૈસાની માંગ કરી હતી અને જો પૈસા નહીં મળે તો જોઇ લેવાની પણ ધમકી આપતો હતાના આક્ષેપો થઇ રહ્યા છે. શહેરના વોર્ડ નં. ૬ના ભાજપના કોર્પોરેટરના પતિએ પોતે જે સોસાયટીનો પ્રમુખ છે તે સોસાયટીના રહીશે મકાન વેચતા તેના એનઓસીના બદલામાં રૂ.૧ લાખ માગી મકાનમાલિકને ધમકાવ્યો હતો, પૈસા વસૂલવા માટે ભાજપના આ આગેવાને મકાનમાલિકને ગાળો પણ ભાંડી હતી આ અંગેનો વીડિયો ફરતો થતાં ચકચાર મચી ગઇ હતી.આગામી દિવસોમાં શહેર ભાજપ દ્વારા શુ પગલા લેવામાં આવશે તેના પર સૌ કોઇની નજર રહેશે

**મહિલા કોર્પોરેટરના પતિ તથા વોર્ડ પ્રમુખ ઘનશ્યામ વચ્ચે થયેલા વાર્તાલાપના અંશો**

દીપકઃ હું, ઘનશ્યામભાઇ
આગેવાનઃ તમે હવે આવવાના છો કે નહીં, મકાન ખરીદનારે કહ્યું કે પૈસા ચૂકવાઇ ગયા છે. તમે અને તમારા પપ્પા ટાઇમ આપ્યે રાખો છો.
દીપકઃ કાલે બેંક બંધ હતી, મારો મોબાઇલ બગડી ગયો હતો.
આગેવાનઃ મારે હવે લબડવાનું છે? તમારૂ કામ કરીને, એક દિવસની વાત થઇ હતી.
દીપકઃ તમે મને કેટલા ફોન કરીને ધમકી આપી અને ધમકાવીને દલાલીનું પરાણે લખાવ્યું.
આગેવાનઃ એટલે હવે તમારે શું છે? શેની ધમકી આપી
દીપકઃ બે ટકા દલાલીનું પરાણે લખાવી લીધું
આગેવાનઃ હા, એ તો બધું લખી દેવું પડે
દીપકઃ એ લખાણ વાળો કાગળ સહી કરીને મને પાછો આપી દેશોને?
આગેવાનઃ તું અહીં આવને એટલે બધું જ આપી દઉં.
દીપકઃ અત્યારે નહીં આવી શકું, સગાઇમાં ગયો છું.
આગેવાનઃ આવું તો તું મને કેટલાય સમયથી કહેશ, (ગાળો ભાંડે છે)
દીપકઃ ગાળો ન બોલાવાની હોય, હું પણ ભાજપનો કાર્યકર છું અને તમે પણ ભાજપના કાર્યકર છો.
આગેવાનઃ તું ક્યાં છો હું ત્યાં આવું અને જાહેરમાં વાત કરૂં.
દીપકઃ આવવાની શું વાત હોય, તમે ક્યો ત્યારે આવું જ છું.
આગેવાનઃ ક્યારે આવ્યો, (ગાળો ભાંડે છે) ગણતરી શું છે એ કેને એટલે ખબર પડે, મારો મગજ ઓવરલોડ વયો જશે તો ન થવાની થશે.
દીપકઃ ગાળો શું કામ આપો છો
આગેવાનઃ તમે ફિટ થઇ ગયા હતા એટલે બાપ દીકરો આવ્યા હતા
દીપકઃ તમે સંબંધમાં પણ એનઓસી તો આપોને, નિયમ મુજબ પણ આપવું પડેને તો પૈસા શેના?
આગેવાનઃ સંબંધની....તમે ક્યાં ફિટ થઇ ગયા હતા એ તો ખબર છેને (ગાળો ભાંડે છે) તું ક્યા છો હું આવું છું.
દીપકઃ હું સગાઇમાં છું કાલે પૈસા આપી દઇશ.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવનમાં પ્રવેશ કામગીરી સામે અનેક સવાલ



**એમ.એ. પ્રથમ વર્ષમાં પ્રવેશની કાર્યવાહીમાં સરકારનાં નિયમોનું ભંગ થયાની શિક્ષણવિદ ડો.નિદત્ત બારોટની કુલપતિને વિગતપૂર્ણ રજૂઆત**

**ઓબીસીમાં વધુ મેરીટવાળા વિદ્યાર્થીઓને આપોઆપ ઓપન કેટેગરીમાં પ્રવેશનાં કાયદાનું પણ પાલન ન થયુંઃ બારોટ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૯

ગુજરાત પ્રવેશ પ્રોફેશનલ્સ કોંગ્રેસના પ્રમુખ અને જાણીતા શિક્ષણવિદ ડો.નિદત્ત બારોટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિને એક પત્ર પાઠવી અંગ્રેજી ભવનમાં એમ.એ. (ઈંગ્લીશ)ની તાજેતરમાં થયેલી પ્રવેશ કાર્યવાહીની પધ્ધતિ અંગે અનેક સવાલો ઉઠાવી ઊંડી તપાસ કરવા રજૂઆત કરી છે. સરકારના શિક્ષણમાં પ્રવેશ અંગેના નીતિ-નિયમોના તજજ્ઞો ડો.બારોટે પાંચ મુદ્દાઓ અંગે તપાસ માંગી છે.

પત્રમાં દર્શાવવામાં આવ્યું છે કે, અંગ્રેજી ભવનમાં કુલ બેઠકો ૬૦ હતી અને પાછળથી તેમાં ઉમેરો કરી ૬૬ બેઠકો કરવામાં આવી. આ વધારો કુલપતિએ કઈ તારીખે મંજુર કર્યો તે જાહેર થવું જોઈએ, બીજું અંગ્રેજી ભવન દ્વારા પહેલું મેરીટ લીસ્ટ જાહેર થયું તેમાં ૪૮ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ યાદીમાં ૬૦ અથવા ૬૬ એડમિશનને ધ્યાનમાં રાખીને શા માટે યાદી પ્રસિધ્ધ ન થઇ? તપાસ થવી જરૂરી છે, ત્રીજું ઓબીસીમાં વધુ મેરીટ ધરાવતા વિદ્યાર્થીઓને આપોઆપ ઓપન કેટેગરીમાં પ્રવેશ મળે તેવી કાયદાની જોગવાઈ હોવા છતાં તેનું પાલન થયું જણાતું નથી, ચોથું એસ.ટી. કેટેગરીની જગ્યાઓને એસ.સી. માં કન્વર્ટ કરી બીજી અથવા ત્રીજી યાદીમાં આના આધારે મેરીટ મુકાયું હોય તેવું દેખાતું નથી અને પાંચમું EWS કેટેગરીમાં પણ પ્રવેશમાં સરકારનાં નિયમો જળવાયા હોય તેમ જણાતું નથી.

જો આ બાબતની યોગ્ય તપાસ કરી માહિતી આપવામાં નહીં આવે તો સરકારમાં અને આયોગમાં ફરિયાદ કરવાની ડો.બારોટે ચિમકી આપી છે. તેમણે પત્રમાં એવું પણ દર્શાવ્યું છે કે, અંગ્રેજી ભવનની એક વિદ્યાર્થીનીને EWS કેટેગરીમાં પ્રથમ યાદીમાં પ્રવેશ મળવા માત્ર હતો પરંતુ ન મળતા તેમણે ગુજરાત મહિલા આયોગમાં ફરિયાદ કરી હતી. બાદમાં વિદ્યાર્થીનીને જનરલ કેટેગરીમાં પ્રવેશ આપી દેવામાં આવ્યો હતો. પરંતુ રાજ્ય મહિલા આયોગ દ્વારા આ અંગે વિસ્તૃત રીપોર્ટ મંગાવતા યુનિવર્સિટીના અધિકારીઓ ડો.રમેશ પરમાર, ડો.મનીષ ધામેચા વગેરે અંગ્રેજી ભવનમાં રૂબરૂ આવી ભવનના વડા ડો.આર.બી.ઝાલાની ચેમ્બરમાં બેસી મામલો થાળે પાડવા પ્રયાસ કર્યો હતો.

અંગ્રેજી ભવનમાં તા.૧૪/૬/૨૦૨૨ સુધી ભવનના વડા તરીકે પ્રો.સંજય મુખર્જી કાર્યરત હતા. તા.૧૫/૬/૨૦૨૨ થી ચાર્જ ડો.ઝાલાએ સંભાળ્યો છે. ડો.ઝાલા ભાજપની વિદ્યાર્થી પાંખ એબીવીપીના પૂર્વ પ્રદેશ પ્રમુખ છે અને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રમુખ પ્રો.કમલ મહેતાના શિષ્ય છે. આ રીતે અંગ્રેજી ભવન પ્રવેશ પ્રક્રિયામાં થયેલા છબરડા બાબતે ડો.નિદત્ત બારોટની તર્કબધ્ધ અને મુદ્દાસર રજૂઆતથી યુનિવર્સિટી અધિકારીઓમાં દોડધામ મચી ગઈ છે.(૨.૧૨)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.